Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तदिदं सन्मुनिवचनमाकर्ण्य ते हितज्ञतुल्या भद्रकभव्यमिथ्यादृष्टयो जीवा निश्चिन्वन्ति तेषां भगवतां सन्मुनीनां वत्सलतां, लक्षयन्ति परिज्ञानातिरेकं । ततो निवर्तयन्ति तदुपदेशनावाप्तशुभवासनाविशेषाः सन्तो धनविषयगृद्धिप्रतिबन्धं, पृच्छन्ति च विशेषतो मुनिजनं ते धर्ममार्गं, दर्शयन्ति शिष्यभावं, रञ्जयन्ति गुरूनपि विनयादिगुणैः । ततः प्रसन्नहृदया गुरवस्तेभ्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं, ग्राहयन्ति तदुपार्जनोपायं महाप्रयत्नेन । उपमितिभवप्रपंचा कथा.

" આ પ્રમાણે સન્મુનિનાં વચનને સાંભળીને હિતને જાણનારની જેવા તે ભદ્રિક અને ભવ્ય એવા મિથ્યાદૃષ્ટિ જીવો તે પૂજ્ય સન્મુનીશ્વરની વત્સલતાનો નિશ્ચય કરે છે, અને જ્ઞાનના અધિકપણાને જુએ છે; પછી તે ગુરૂના ઉપદેશથી વિશેષ પ્રકારની શુભ વાસના પ્રાપ્ત થવાથી ધનના વિષયવાળી લોભની આસક્તિનો ત્યાગ કરે છે, અને મુનિજનોને તેઓ વિશેષે કરીને ધર્મનો માર્ગ પુછે છે, પોતાનો શિષ્યભાવ દેખાડે છે તથા ગુરૂજનોને ( માતપિતાદિકને ) પણ વિનયાદિક ગુણોએ કરીને રંજન કરે છે. ત્યારપછી પ્રસન્ન હૃદયવાળા ગુરૂમહારાજ તેમને ગૃહસ્થાશ્રમને ઉચિત અને સાધુપણાને યોગ્ય એવો ( બંને પ્રકારનો ) ધર્મમાર્ગ બતાવે છે અને તે ધર્મને ઉપાર્જન કરવાનો ઉપાય ઘણા પ્રયત્નથી ગ્રહણ કરાવે છે–અંગીકાર કરાવે છે. "

પુસ્તક ૩૧ મું. આષાઢ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. અંક ૧૧ મો.

## आंतर–बाग विवेक–माळी.

### કવાલી યા ગઝલ.

અમારા બાગનો માળી, સુતો છે સોડ તાણીને;
તજી પરવા બગીચાની, ભલા એને જગાવોને. ૧.
પ્રભાકરની પ્રભા દેખી, સુધાકર શ્યામતા ધારે;
ગયા તારા છુપાઇ કયાં, હવે તો ઝટ જગાવોને. ૨.
પ્રભાતે સર્વ પંખીડાં, કરી કલ્લોલ વિચરે છે;
નથી દરકાર કંઈ એને, સુહૃદ કોઈ જગાવોને. ૩
સુગંધી પુષ્પના ઝાડો, સુકોમળ સૂકતા દીસે;
સહન એ શી રીતે થાયે? હલાવી ફેર જગાવોને. ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બગીચાની બધી શોભા. ગઈ આકાશમાં ઉડી;
ભય કર એ હવે ભાગે, નિકટ આવી જગાવોને ૫.
હતી બહુ હોંશ હૈયામાં, સુરભિનો બ્હાર લેવાની;
કહો ફરીયાદ ક્યાં કરવી? હઠીલા થઈ જગાવોને ૬.
રિસાયો એ નથી કાંઈ, દુભાયો પણ નથી ક્યાંયે;
મધુર કંઈ સ્વપ્નમાં સૂતો, વદી મીઠું જગાવોને. ૭.
અમારી રમ્ય વાડીનો, અનૂપમ એજ છે દીવો;
સુકોમળ સ્પર્શથી એને, ધરી હિંમત જગાવોને. ૮.

રત્નસિંહ દુમરાકર.

## एवा वीर क्यां छे ?

રાગ—આશાવરી.

એવા વીર વિવેકી ક્યાં છે?

પરધનને પત્થરસમ સમજે, માત ગણે પરનારી,
સત્પથમાં અનરથને વાહે, ગુણ-ધનના ભંડારી. એવા૦
દેશ કોમને માટે કેવળ, સતત પરિશ્રમ ધારી;
ઉદય કરે અરપી નિજજીવન, સ્વાર્થ-શત્રુને મારી. એવા૦
ચંદન ને કાંચનની ઉપમા, પૂર્ણપણે જે ધરતા;
સંકટમાં પણ સ્વગુણે રમતા, પ્રસન્ન પરને કરતા. એવા૦
અતુલ રમાના રમણ છતાં જે, માન ન મનમાં આણે;
વિદ્વદ્ભૂષણ પદભૂષિત પણ, અસત્પક્ષ નવ તાણે. એવા૦
મારૂં તે સારૂં ન ગણે પણ, સારૂં ( તે ) મારૂં માને;
અંતર બાહિર એક રહે જે, ઉદાર અનુપમ દાને. એવા૦
સ્વધર્મ-જુસ્સો સ્વદેશમાં શુભ, આંતર-બળ પ્રગટાવે;
કાર્ય કરાવે જનહિતના બહુ, શાંતિ-સુધા વરસાવે. એવા૦
સુજન-સુધાકર દુઃખ-તિમિરહર, દેશબંધુ-સુખકારી;
હિંમત હૈયામાં હરદમ દે, તેજ દિવ્ય અવતારી. એવા૦

રત્નસિંહ દુમરાકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सत्य अने जिज्ञासुनो शास्त्रसंवाद.

**જિજ્ઞાસુ**—ભાઈ સત્ય ! જેથી આત્માની ઉન્નતિ થાય એવો સર્વ સામાન્ય ધર્મમાર્ગ દર્શાવનાર જે જે કંઇ પ્રમાણ વાક્ય આપનાં લક્ષમાં આવેલાં હોય તે કૃપા કરી બતાવશો તો મ્હારી જેવા જીવો ઉપર મ્હોટો ઉપકાર થશે.

**સત્ય**—ભાઇ જિજ્ઞાસુ ! ૧૪૪૪ ધર્મગ્રંથના પ્રણેતા **શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વર** પોતાના કરેલા **લોક તત્ત્વ નિર્ણય** નામના ગ્રંથમાં સ્પષ્ટપણે આખી આલમના હિત માટે ભવ્ય પ્રાણીઓને નીચે મુજબ અમૃત વચનોથી ઉપદેશ આપે છે કે:—

श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम्,
आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत्.

**જિજ્ઞાસુ**—આપ એ આચાર્ય મહારાજે ફરમાવેલા શ્લોકનો ભાવાર્થ કૃપા કરીને સ્પષ્ટ સમજાય તેમ કહેશો તો તેના ભાવાર્થ સાથે યાદ રાખવાને મ્હારી જેવાને વધારે અનુકૂળ પડશે તેમજ અન્ય જીવોને પણ ઉપકારક થશે.

**સત્ય**—ભાઇ જિજ્ઞાસુ ! ઉપર ટાંકેલા શ્લોકમાં જગતના જીવોના હિત માટે કહેવાનું તાત્પર્ય એવું છે કે 'હે ભવ્યાત્માઓ ! તમે વિનયપૂર્વક જ્ઞાની ગુરૂ પાસે ધર્મનું રહસ્ય સાવધાનપણે સાંભળો અને તે સઘળું રહસ્ય શ્રવણ કરીને તમારા હૃદયકમળમાં નિશ્ચયાત્મકરૂપે અવધારો અને એ રીતે નિજ નિજ હૃદયકમળમાં અવધારી રાખેલા નિશ્ચયાત્મક ધર્મરહસ્ય ઉપર પૂર્ણ શ્રદ્ધા–આકીનતા રાખી જે કંઇ આત્માને અનર્થ–અહિતરૂપ થાય એવાં પ્રતિકૂળ કાર્ય કોઇ પણ પ્રાણીપ્રત્યે નજ આચરો. પ્રાણીમાત્ર સુખના અર્થી હોવાથી તેમને અસુખ યા દુઃખરૂપ થાય એવાં કોઇ પણ કાર્ય મનથી વચનથી કે કાયાથી કરવાંજ નહિ. જે જે કાર્યો આપણને અહિત અથવા દુઃખરૂપ થતાં જણાય તે તે કાર્યો અન્ય જીવોપ્રત્યે નજ અજમવવાં જોઇએ અને જે જે કાર્યો આપણને હિતરૂપ યા સુખરૂપ થતાં જણાય તે તે સત્કાર્યો અન્ય પ્રત્યે આચરવા લક્ષ રાખવું જોઇએ. એવું ઉત્તમ તાત્પર્ય ઉપરના શ્લોકમાં રહેલું સમજાય છે. તેને અનુસારે આપણે સહુએ નિર્દોષ જીવન વહેવું ઘટે છે.

**જિજ્ઞાસુ**—અન્ય જીવોનું પણ સારી રીતે હિત સચવાય એવું નિર્દોષ જીવન વહેવા માટેનાં પ્રમાણ વાક્ય લક્ષગત હોય તે ફરમાવશો.

**સત્ય**—શ્રીમાન્ હરિભદ્ર **આચાર્ય મહારાજાએજ ષોડશક ગ્રંથમાં** અન્ય જીવો પ્રત્યે આપણાં કર્તવ્યની દિશા બતાવવા અને એ વડે સ્વપર હિતની રક્ષા અને વૃદ્ધિ કરવા નીચે મુજબ શ્લોક કહ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



' परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा,
परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा. '

જિજ્ઞાસુ--આપ સંક્ષેપથી ઉક્ત શ્લોકનો સાર સમજાવવા તસ્દી લેશો.

સત્ય--મૈત્રીભાવથી પરજીવોનું હિત થાય-તેમનું હિત સચવાય તેવું ચિન્તવવું. કરૂણાભાવથી પરજીવોનાં દુઃખ નિવારવા બનતો પરિશ્રમ કરવો. પ્રમોદભાવથી પરની સુખ સમૃદ્ધિ યા ગુણ ગૌરવ દેખી દીલમાં રાજી થવું અને અસાધ્ય દોષવાળા જીવોને દેખીને ગુસ્સો નહિ કરતાં તેમને પ્રબળ કર્મ-વશ જાણી મધ્યસ્થભાવે રહી નિજ હિત કર્તવ્ય કરવા ચુકવું નહિ. **ઇતિશમ્.**

**મુ. ક. વિ.**

---

## सत्य अने जिज्ञासुनो प्रासंगिक धर्मसंवाद.

**જિજ્ઞાસુ**—ભાઇ સત્ય ! આપ મને ધર્મસંબંધી સ્વરૂપ સાદી--સરળ ભાષામાં સમજાવશો તો આપે મ્હારી ઉપર બહુ ભારે ઉપકાર કર્યો હું માનીશ.

**સત્ય**--ભાઇ જિજ્ઞાસુ ! ધર્મસંબંધી રહસ્ય જાણવાની તમારી પ્રબળ ઇચ્છા થયેલી જાણી હું ઘણો ખુશી થાઉં છું અને તેનું રહસ્ય તમને બનતી રીતે સમજાવવું એ મ્હારી ફરજ છે, તેથી હું કહું છું તે તમે લક્ષ દઇ સાંભળો અને પછી તેનું મનન કરી શક્તિ મુજબ તેનો આદર કરી તે સાર્થક કરો; કેમકે સમજવાનો ખરો સાર એજ છે.

**જિજ્ઞાસુ**-આપની હિતશિક્ષાને અનુસારે હું યથાશક્તિ વર્તીશ. હવે આપ કૃપા કરીને મને ધર્મનું સ્વરૂપ સમજાવો.

**સત્ય**-ભાઇ જિજ્ઞાસુ ! જન્મ મરણના સઘળાં દુઃખથી છુટવા માટે અને અક્ષર અનંત સુખ મેળવવા માટે આપણે શુદ્ધ-નિર્મળ ભાવથી સહુ કોઇ જીવોને આત્મ સમાન લેખી કોઇ પ્રત્યે પ્રતિકૂળ આચરણ મનથી, વાણીથી, કે કાયાથી ન કરવું ન કરાવવું તેમજ કરનારને સંમત ન થવું, એ સઘળાં ધર્મશાસ્ત્રોનું પરમ રહસ્ય સમજવા જેવું છે.

જિજ્ઞાસુ-અન્ય જીવો પ્રત્યે આપણે કેવું વર્તન રાખવું જોઇએ તે કંઈ સ્પષ્ટતર સમજાવશો તો ઉપકાર થશે.

સત્ય-ભાઇ જિજ્ઞાસુ ! આપણે સહુ જીવો સાથે મૈત્રી કહો કે **સમાન-ભાવ** રાખવો જોઇએ; સહુ કોઇનું ભલુંજ ચિંતવવું. કોઇનું ક્યારે પણ બુરૂં તો નજ ચિંતવવું. દુઃખી જીવોને દુઃખી થતા જાણીને કે જોઇને તેમનું તાત્કાલિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુ:ખ દૂર કરવા ઘટતો પ્રયત્ન કરવો, કરાવવો અને કરનારને અનુમોદન આપવું. વળી તેમનાં દુ:ખનો સર્વથા અંત આવે એવા ઉચિત ઉપાય તેમને સૂઝાડી–બતાવીને ઠેકાણે પાડી દેવા એટલે કે દુ:ખી જીવો ઉપર કરૂણાભાવ રાખવો. કોઈપણ સદ્ગુણી આત્માને કયાંય પણ રહેલા જાણીને કે જોઈને દિલમાં પ્રમુદિત (રાજી રાજી) થવું અને તેમનામાં જે જે સદ્ગુણો જાણી–જોઇ શકાય તે તે સદ્ગુણો જાતે આદરવા માટે પણ યથોચિત ઉદ્યમ અવશ્ય કરવો. આ પ્રકારે **પ્રમોદ** યા **મુદિતા** ભાવવડે આપણામાં ઉત્તમ પ્રકારની યોગ્યતા આવે છે અને તેવડે આપણે પોતેજ સદ્ગુણી થઈ શકીએ છીએ. છેવટે જે કોઇ ભારે નિઠોર (નિર્દય) પરિણામવાળા જીવ જોવામાં કે જાણવામાં આવે તેઓ જ્યારે કોઇ રીતે સુધરી ન જ શકે એવી અસાધ્ય સ્થિતિમાં આવી ગયેલા હોય ત્યારે તેમની કશી છેડ નહિ કરતાં તેમને તેમનાં દુષ્કર્મને વશ જાણી સમભાવે તેમનાથી નિરાળા રહીને નિજ હિત કાર્ય કરવા તરફ સાવધાન બનવું. એટલે કોઇ એવા નીચ નાદાન જીવોનાં દુષ્કાર્યો (માઠાં આચરણો) જોઇ, પરિણામે જ્યારે કશું વળે એવું નથીજ એમ સમજાય ત્યારે નકામા ઉશ્કેરાઇ નહિ જતાં નિરૂપાય-પણે તેમનાથી અલગાજ રહી મધ્યસ્થ ભાવ દાખવવો, જેથી કશી હાનિ થયા વગર સ્વહિત તો અવશ્ય જળવાઇ રહે. "ઇતિશમ્" સુ. કુ. વિ.

# शान्ति अने सुमति ए बे जैनबंधुओनो हितसंवाद.

શાન્તિ—ભાઇ સુમતિ! આપણે **શ્રમણોપાસક** કહેવાઇએ તેનુ શું કારણ?

સુમતિ—ભાઇ શાન્તિ! શ્રમણ–સાધુ–નિર્ગ્રંથ ગુરૂ મહારાજની સેવા–ઉપાસના–ભક્તિ કરવાથી અને તેમનો હિતોપદેશ સાંભળી પવિત્ર જિન–આજ્ઞાને અનુસરવાથી આપણે **શ્રમણોપાસક** અથવા **શ્રાવક**ના નામથી ઓળખાઇએ છીએ.

શાન્તિ—સાધુજનોને **શ્રમણ–નિર્ગ્રંથ** કહેવાનું શું કારણ?

સુમતિ—આત્મહિત સાધવા ઉજમાળ થયેલ સાધુજનો સકળ પરિગ્રહ મમતા તજીને અહિંસા, સંયમ અને તપ લક્ષણ **ધર્મનું આરાધન કરવા પ્રમાદ માત્ર દૂર કરી અપ્રમત્ત ભાવે શ્રમ-ઉદ્યમ આદરે** તેથી તેઓ **શ્રમણ નિર્ગ્રંથ**ના નામથી ઓળખાય છે.

શાન્તિ—પ્રમાદનું લક્ષણ શું? અને તે કેટલા પ્રકારનો છે?

સુમતિ—જેમ દારૂનો મદ ચઢવાથી જીવ પોતાનું ભાન ભૂલી જઇ સ્વચ્છંદપણે વર્તે છે તેમ જેનાથી સ્વકર્તવ્યનું ભાન ભૂલી જઇ નિજ કર્તવ્યભ્રષ્ટ થવાય તેવું ગમે તે પ્રકારનું સ્વચ્છંદ આચરણ હોય તે પ્રમાદ કહેવાય છે. તેના મુખ્ય પાંચ પ્રકાર નીચે મુજબ કહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ મદ્ય (Intoxication) ૨ વિષય (sensuneappetite) ૩ કષાય (Anger pride etc.), ૪ નિદ્રા (Goleness) અને ૫ વિકથા False Gossips બાકી પ્રકારાન્તરે પ્રમાદના મિથ્યાત્વ, અજ્ઞાન પ્રમુખ આઠ ભેદ પણ કહ્યા છે.

શાન્તિ--ઉક્ત સકળ પ્રમાદને દૂર કરી અપ્રમત્ત ભાવે તપ જપ સંયમનું સેવન કરે તોજ સાધુ કહેવાય ?

સુમતિ–ખરા (ભાવ) સાધુ–શ્રમણ–નિર્ગ્રંથ તો ત્યારેજ કહેવાય. બાકી તો સાધુનો વેશ માત્ર ધારવાથી અને તથાપ્રકારના સદ્ગુણો નહિ ધારવાથી તે માત્ર નામસાધુ લેખાય.

શાન્તિ–સાધુને કોણ કોણ કેવી કેવી રીતે ઓળખે છે ?

સુમતિ–બાળ અજ્ઞાની જીવો બાહ્ય વેશમાત્રથી સાધુ લેખે છે. મધ્યમ બુદ્ધિવંત આચરણ રૂડાં દેખે તો સાધુ લેખે છે અને પ્રાજ્ઞ–પંડિત જનો તો નિર્મળ આગમબોધ યા અધ્યાત્મ લક્ષ ઉપરથી ખરા સાધુ ગણે છે.

શાન્તિ–ખરા સાધુ-નિર્ગ્રંથ કોણ લેખવા યોગ્ય છે?

સુમતિ–જે આંતર લક્ષથી પવિત્ર રત્નત્રયીની સાધના–સેવના–આરાધના કરનારા હોય તેજ.

શાન્તિ–પવિત્ર રત્નત્રયી એટલે શું ?

સુમતિ–સમ્યગ્ દર્શન ( યથાર્થ તત્વ શ્રદ્ધાન ), સમ્યગ્ જ્ઞાન ( યથાર્થ તત્વઅવબોધ ) અને સમ્યગ્ ચારિત્ર એટલે તત્વરમણતા એ પવિત્ર રત્નત્રયી લેખાય છે. ઇતિશમ્. સુ. ક. વિ.

# સુમતિ અને સુશીલ એ બે બંધુઓનો તાત્વિક સંવાદ.

**સુમતિ**—ભાઇ સુશીલ ! તમારૂં સદાચરણ–સદ્દર્શન જોઇને હું ઘણોજ ખુશ થયો છું. સદાચરણ વગરનું એકલું જ્ઞાન કેવળ બોજારૂપ ( ભારભૂત ) થાય છે એમ હું માનું છું.

**સુશીલ**—ભાઇ સુમતિ ! આપ પોતે ગુણી અને ગુણરાગી છો, મને આપનું કહેલું યથાર્થ લાગે છે. કેમકે તત્ત્વના જાણ પુરૂષોએ એમજ કહેલું છે કે સદાચરણ વગરનું લૂખું–શુષ્ક જ્ઞાન માત્ર ગધેડા ઉપર લાદેલા બાવનાચંદનનાં કાષ્ટની પેરે કેવળ બોજારૂપ છે, તેથી કંઇ વાસ્તવિક સુખ પમાતું નથી અને પાપતાપ દૂર કરી શકાતો નથી તેમજ તેથી દુર્ગતિનાં દ્વાર બંધ થઇ સદ્ગતિનાં દ્વાર ઉઘડતાં નથી.

સુમતિ—ખરેખર જે જ્ઞાનવડે અમૃત જેવું સદાચરણ સેવી લેવાય તોજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે લેખે થાય છે અને તેથી સુખ–સૌભાગ્ય સાંપડે છે. અન્યથા તો મિથ્યાભિમાનવડે નકામા વાદવિવાદમાં ઉતરી જવાથી સ્વપરની ભારે ખરાબી થવા પામે છે.

**સુશીલ**—સૂર્યનો પ્રકાશ થયે છતે જેમ અંધકાર ટકી શકતો નથી તેમ ખરૂં વાસ્તવિક તત્ત્વજ્ઞાન પ્રગટ થયે છતે રાગ દ્વેષ અને મોહાદિક મહાવિકારો ટકી શકતા નથી. અને આચાર વિચાર યા વર્તન બહુ ઉંચા પ્રકારનું થાય છે.

**સુમતિ**—ખરેખર આ માનવ દેહાદિક ઉત્તમ સામગ્રી પામી, સ્વબુદ્ધિબળ વાપરી, સત્સંગ કરી, તત્ત્વજ્ઞાન મેળવી, સત્યાસત્ય, હિતાહિત, લાભાલાભ અને ગુણ દોષનો પુખ્ત વિચાર કરી, અસત્ય અહિતાદિકનો ત્યાગ કરી, સત્ય અને હિતરૂપ હોય તેજ માર્ગ આદરવો ઘટે છે. યતઃ–'બુધ્ધેઃ ફલં તત્ત્વવિચારણં ચ.'

**સુશીલ**—દશ દ્રષ્ટાંતે દુર્લભ એવો માનવ દેહ તેમજ આર્ય દેશ, ઉત્તમ કુળ જાતિ, પાંચે ઇંદ્રિય પરવડી, દેહ નિરોગી, દીર્ઘ આયુષ, તત્વ જિજ્ઞાસા, સદ્ગુરૂનો યોગ, સુશ્રદ્ધા વિગેરે વિશિષ્ટ ધર્મ સામગ્રી પ્રબળ પુન્ય યોગે પામીને જો વિવેકથી યથાશકિત વ્રત નિયમો સદ્ગુરૂ સંગે આદરી તે વ્રત નિયમોનું યથાવિધિ પ્રમાદ રહિત પાલન કરવામાં આવે તોજ આ પ્રાપ્ત સત્સામગ્રીની સાર્થકતા થાય છે. કહ્યું છે કે 'દેહસ્ય સારં વ્રતધારણં ચ.'

**સુમતિ**—આ જડવાદ પ્રધાન જમાનામાં જીવો મુત્કળ ( મોકળી ) વૃત્તિથી એશઆરામનાં સાધનો વધારે પસંદ કરે છે. પરંતુ તે પામર પ્રાણીઓ નિજ સમીપમાંજ છાયાના મિષથી છળ જોઇ રહેલા કાળને ફરતો દેખતા નથી. કાળ ઓચીંતો આવી તેમનો કોળીઓ કરી જાય છે. તેથી શાણા માણસોએ 'કાળ ઓચિંતો આવશે, મરવું ડગલા હેઠ' એવું સમજી રાખી ઝટપટ ચેતી લઇ આ અમૂલ્ય માનવ દેહની સાર્થકતા કરી લેવી ઘટે છે જ. દંતિશમ્.

મુ. ક. વિ.

# સદ્ગુણી સ્ત્રી.

મોક્ષપ્રાપ્તિને માટે બે માર્ગ જ્ઞાનીઓએ બતાવ્યા છે. સાધુમાર્ગ, અને ગૃહસ્થ માર્ગ. ગૃહસ્થમાર્ગને માટે વિચારણા કરવાની આવશ્યકતા છે? એમ પૂછવામાં આવે છે. કેમકે ગૃહવાસમાં રહેનાર સ્ત્રી પુરૂષ તો સ્વભાવથી અને એક બીજાના સમાગમથી પોતાના ઘરનો કાર્યભાર કેવી રીતે ચલાવવો એ સમજે છે અને દરેક કુટુંબવાળા પોતાનો નિર્વાહ ચલાવે છે. શાસ્ત્રકારો એવી રીતે સામાન્ય ગૃહવાસથી જીવન પૂરૂં કરવું એને કંઈ હીસાબમાં ગણતા નથી; પણ ગૃહીધર્મને યથાર્થ દીપાવી, શોભાવી, પરિણામે મોક્ષનગરના વસનાર થાય તેવા ગૃહસ્થ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનનેજ ઉચ્ચ કોટીમાં ગણે છે. સાધુમાર્ગ યાને મુનિમાર્ગ મોક્ષનગરને જલદી પ્રાપ્ત કરાવનાર છે, અને ગૃહીધર્મ દીર્ઘ કાળે પહોચાડનાર છે.

આ ગૃહિધર્મ શોભાવવાને માટે સામાન્યધર્મ અને વિશેષધર્મ બતાવેલ છે. માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ અને શ્રાવકના એકવીશ ગુણ એ સામાન્યધર્મમાં આવે છે, અને સમ્યક્ત્વ સહિત બાર વ્રત અથવા તેમાંના પોતાની શક્તિ અને ભાવના પૂર્વક પાલન થઈ શકે તેટલા વ્રતને ધારણ કરવા તે વિશેષધર્મની ગણત્રીમાં આવે છે. પુરૂષ અને સ્ત્રી આ બન્નેના યોગથી ગૃહસ્થધર્મનું પાલન થાય છે. એની ચૌભંગી નીચે પ્રમાણે થઇ શકે.

**૧ પુરૂષ સદ્ગુણી અને સ્ત્રી સદ્ગુણી.**

**૨ પુરૂષ સદ્ગુણી અને સ્ત્રી સદ્ગુણ રહિત.**

**૩ પુરૂષ સદ્ગુણ રહિત, અને સ્ત્રી સદ્ગુણી.**

**૪ પુરૂષ સદ્ગુણ રહિત, અને સ્ત્રી પણ સદ્ગુણ રહિત**

આ ચાર પ્રકારમાંથી જ્યાં પુરૂષ ને સ્ત્રી બંન્ને સદ્ગુણી હોય ત્યાં એ બન્નેના યોગથી પાળવામાં આવતો ગૃહસ્થધર્મ યથાર્થ પલાઇને પ્રાંતે તે સદ્ગતિના ભાજન થઈ શકે છે. તેઓ પોતાનું આત્મહિત વધારનાર, સુખમાં નિર્વાહ ચલાવનાર અને પોતાના સમાગમમાં આવનારને સંતોષ અને શાંતિ આપનાર નિવડી શકે છે. શાસ્ત્રમાં એવા ઘણા દાખલાઓ છે. તેઓનું ચરિત્ર વાંચતાં આપણને આનંદ થાય છે. ભગવંત મહાવીરસ્વામીના પૂર્ણ ભકત અને ઉપાસક શ્રેણિક મહારાજા અને સતી ચેલણાનાં પ્રબંધ જાણવા જેવા છે.

ધાર્મિક સંસ્કાર પામેલા દંપતીનો પરસ્પર સંબંધ થવો એ પૂર્વે બાંધેલા સાતાવેદની કર્મના ફળની પ્રત્યક્ષ નિશાની છે. ગૃહસ્થના ગુણોનું વર્ણન મુનિઓ કારણ વિના કરે નહિ, બાકી ગૃહવાસમાં રહેલા એવા ઉત્તમ યુગલની કેવળજ્ઞાનીઓ પણ પ્રસંગવશાત્ પ્રશંસા કરે છે. સર્વથી ધર્મારાધન કરવા માટે જેનામાં ભાવના અને શકિત નથી, તેઓ ભલે સાધુધર્મ અંગીકાર ન કરે, પણ તેઓએ પોતાના ગૃહસ્થધર્મને તો દીપાવવોજ જોઇએ. ગૃહસ્થાવાસમાં રહીને પણ જેઓ નીતિ અને ધર્મનું પાલન કરી, યથાશકિત આત્મિક ગુણો પ્રગટ કરવાની ઇચ્છાવાળા હોય છે તેવા દંપતી સારા સંસ્કારવાળા હોય છે તો તેઓ પરસ્પર એક બીજાને મદદગાર થઈ સ્વઉન્નતિ સાધી શકે છે. બન્નેમાંથી એકાદ ન્યૂનાધિક હોય છે, તો તેમાં સદ્ગુણીને પોતાના ગુણોનું પાલન કરવાને બીજા પક્ષ તરફથી ઘણું ખમવું પરે છે. બન્ને જણ સદ્ગુણી હોવાથી ગૃહીધર્મમાં રહીને ઉત્તમ રીતે ગૃહસ્થધર્મને દીપાવવાની જે અનુકૂળતા તેમને હોય છે, તેવી એક બીજાથી વિરૂધ્ધ સ્વભાવવાળા દંપતિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોતી નથી. ઉભય સદ્‌ગુણવાળા દાખલા જગતમાં થોડા જોવામાં આવશે. જૈન દર્શનમાં વિજય શેઠ અને વિજયા શેઠાણીનો દાખલો આને માટે સર્વોત્તમ છે. વિજય શેઠે વિવાહ સંસ્કાર થયા પહેલાં ગુરૂસમાગમમાં બ્રહ્મચર્ય વ્રતનું મહાત્મ્ય સાંભળી સ્વદારાસંતોષ વ્રત ગ્રહણ કર્યું. અને તેમાં પણ અજવાળીયા પક્ષમાં સ્ત્રીસેવન કરવું નહીં એવો નિયમ લીધો.

જે નગરમાં તેઓ વસતા હતા તેજ નગરમાં એક **ધનાવહ** નામે શ્રેષ્ઠીને **વિજયા** નામની સદ્‌ગુણી પુત્રી હતી. તેણીએ વિવાહકાળની પહેલાં એક વખતે શીળનું વર્ણન સાંભળી એવું વ્રત લીધું કે કૃષ્ણપક્ષમાં પોતાના પતિને પણ સેવવો નહીં.

ઘૂણાક્ષર ન્યાયથી એવું બન્યું કે, તુલ્ય રૂપવાળા તે વિજય અને વિજયાનો વિવાહ સંબંધ થયો અને લગ્ન થયું.

વિજયા લગ્ન થયા પછી શુકલપક્ષમાં સ્ત્રીને લાયક શૃંગાર સજી હર્ષ પામતી પતિ પાસે ગઇ. શેઠે તેને અતિ આદરથી સત્કાર કરી મીઠા વચનથી જણાવ્યું કે "મેં વિવાહ સંબંધ પહેલાં એવો નિયમ લીધો છે કે—શુકલ પક્ષમાં **મન, વચન, કાયાથી શીળ** પાળવું. તેના માત્ર હવે ત્રણ દિવસ બાકી છે, તે વ્યતિત થયા પછી કૃષ્ણપક્ષમાં આપણે રતિસુખને અનુભવશું."

આ પ્રમાણેનાં પોતાના પતિનાં વચન સાંભળી વિજયા અત્યંત ગ્લાનિ પામી ગઈ. શેઠે ગ્લાનિ થવાનું કારણ પૂછ્યું; એટલે તે બોલી 'હે સ્વામી ! મ્હારે કૃષ્ણપક્ષમાં શીળ પાળવાનો નિયમ છે.' તે સાંભળતાં શેઠને ઘણો ખેદ થયો.

વિજયાએ નમ્રતા પૂર્વક બે હાથ જોડી પોતાના પતિને વિનંતિ કરી કે "તમે બીજી સ્ત્રી પરણીને તેની સાથે કૃષ્ણ પક્ષમાં સુખ ભોગવો. હું આખી જીંદગી **મન, વચન, કાયાથી શીળ પાળી, આપની સેવા કરી, ધર્મનું આરાધન કરી, મ્હારા આત્માને પવિત્ર કરીશ.**" આ પ્રમાણે વિનંતિ કરીને સ્ત્રીઓએ પતિવ્રત પાળવાનું છે અને પુરૂષો એકથી વધુ સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે; તેથી બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાને પતિને આગ્રહ કર્યો.

વિજય શેઠે જણાવ્યું કે "હે સુશીલે! મને આ બાબતમાં કંઇ પણ ખેદ થતો નથી, કારણ કે મ્હારા માતાપિતાએ મને દીક્ષા લેતાં બળાત્કારે પરણાવ્યો છે. વળી વિષય સેવવાથી કાંઈ આયુષ્યની વૃદ્ધિ થતી નથી તેમજ તેથી જગતમાં મહત્વ કે સર્વ જીવોમાં આધિક્ય પ્રાપ્ત થતું નથી. કેવળ તે મનની ઉત્સુકતા માત્ર છે. વિષયસુખ પૌદ્‌ગલિક સુખ છે. ઉપચારથી માત્ર તેને સુખની સંજ્ઞા આપી છે, વાસ્તવિક તે સુખ નથી, પણ સુખાભાસ છે. પરમાર્થિક સુખ તો શ્રી સિદ્ધ પરમાત્માનેજ છે. આત્મિક આનંદનો શોધ કરનાર સાતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસાતા વેદની કર્મથી ઉપજેલા સંયોગ વિયોગ સ્વભાવવાળા સુખને સુખ કેમ કહું ? માટે હે મૃગાક્ષી ! દુઃખદાયક વિષયમાં મારૂં મન રૂચિ કરતું નથી. આપણું ગંગાના જળ જેવું નિર્મળ શીળ જીવન પર્યંત પાળશું. આપણે આ વૃત્તાંત આપણા માતાપિતાને જણાવશું નહી. છતાં તેમાંથી જ્યારે આ વૃત્તાંત કોઇ જાણશે તો પછી આપણે અવસ્ય દીક્ષા લેશું." આવો નિશ્ચય કરી તે દંપતી પોતાના જીવિતની પેઠે શીળનું રક્ષણ કરવા લાગ્યા. અને આનંદમાં દિવસો નિર્ગમન કરવા લાગ્યા. બન્ને જણા રાત્રે એક શય્યામાં સૂવે છે. તથાપિ તેમાં કોઇને કામોદ્દિપન થતું નથી. હમેશાં એકાંતમાં વિષયભોગની વાતોને બદલે તેઓ શીલગુણનુંજ વર્ણન કરતા હતા. આ પ્રમાણે ભાવચારિત્ર પાળતાં તેમનો ઘણો સમય ચાલ્યો ગયો.

તે કાળમાં ચંપાનગરીમાં **વિમળ** નામે કેવલજ્ઞાની મુનિ સમોસર્યા. તેમની દેશના સાંભળીને **જિનદાસ** શ્રેષ્ઠીએ પૂછયું કે, 'ભગવન્ ! મેં એવો અભિગ્રહ લીધો છે કે, મારે ચોરાશી હજાર સાધુઓને પારણું કરાવવું. આ મારો મનોરથ કયારે સફળ થશે ? ' કેવળીએ કહ્યું કે, " એવા મુમુક્ષુ સાધુઓનો એક સ્થળે સંગમ શી રીતે થાય ? કદિ દૈવયોગે તેટલા સાધુઓ મળી જાય તો પણ આકાશપુષ્પની જેમ તેટલા શુદ્ધ અન્નપાનની સામગ્રી મળવી તે પણ દુર્લભ છે, તેથી હે શ્રાદ્ધ ! તું કચ્છ દેશમાં જા, અને શુકલ અને કૃષ્ણપક્ષના શીળવ્રતધારી એવા દંપતી વિજય શેઠ અને વિજયા શેઠાણીની ભાતપાણી વિગેરેથી ભક્તિ કર. કેમકે ચોરાશી હજાર સાધુઓને પારણું કરાવતાં જેટલું પુણ્ય થાય તેટલું પુણ્ય શુકલ અને કૃષ્ણપક્ષના શીળવ્રત ધારી એવા દંપતીને ભોજન કરાવવાથી થાય છે. "

આ પ્રમાણેનાં કેવળી ભગવંતનાં વચન સાંભળી જિનદાસ શ્રેષ્ઠીએ તેમ કર્યું, તેમના માતાપિતા અને નગરજનો આગળ તેમના પ્રભાવિક જીવનનો વૃત્તાંત કહી સંભળાવ્યો અને કેવળી ભગવંતે તેમના શીળગુણની કરેલી પ્રસંશા કહી બતાવી. દંપતીએ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થવાથી દીક્ષા લીધી અને તેઓ મુક્તિને પ્રાપ્ત થયાં.

મનુષ્ય પૂર્વ પુણ્યના યોગથી સમાન ધર્મવાળું દાંપત્ય પામે છે. એ સંબંધમાં ઉપરના ચરિત્ર શિવાય બીજાં ઘણા યુગળોનાં ચરિત્ર શાસ્ત્રમાં વર્ણન કરેલાં છે. ગુણવંત એવા **ચંદન રાજા** અને **મલયાગિરી** રાણી ધર્મ અને નીતિ પરાયણ થઇ પોતાનું જીવન ગાળતાં હતાં. તેમને **સાયર** અને **નીર** નામના બે પુત્રો હતા. એકદા રાજા શયનગૃહમાં સુતો હતો, તે વખતે કુળદેવીએ ભાવી માઠી દશાના રક્ષણને માટે રાજ્ય છોડીને તેને જવાને માટે કહ્યું. તે ઉપરથી રાજા રાણી પોતાના પુત્રો સહિત રાજ્ય છોડી દેશાંતર ગયા. કુશ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થળ નગરે રાજા દેવનો પૂજારી થયો અને રાણી વનમાંથી લાકડાં લાવી બજારમાં વેચવા લાગી. તેમ કરતાં એક સાર્થવાહની તેના ઉપર દૃષ્ટિ પડી, અને તેને વિશ્વાસ આપી લાકડાંનું મૂલ્ય આપવાના મિષથી પોતાના સાર્થમાં લઈ જઈ ત્યાંથી પ્રયાણ કર્યું. સતી મલયાગિરિ પતિના વિયોગથી નિઃશ્વાસ નાખવા લાગી, તે વખતે સાર્થવાહે તેને રીઝવવાને માટે પ્રયત્ન કર્યો, સતીએ જણાવ્યું કે–

" અગ્નિ મધ્ય જલવો ભલો, ભલોજ વિષકો પાન;
શીળ ખંડવો નહી ભલો, નહિ કુછ શીળ સમાન. "

એ પ્રમાણે શીળરક્ષણના દૃઢ નિશ્ચય સહિત તે પતિ અને પુત્રના વિયોગમાં કાળ નિર્ગમન કરે છે.

આ તરફ રાજા યોગ્ય અવસરે રાણી નહી આવવાથી ચિંતાયુકત થઇને બન્ને પુત્રો સહિત તેની શોધમાં નીકળ્યો. તેઓ પણ પ્રસંગવશાત્ છુટા પડી ગયા. રાજા તેની શોધમાં ફરતો ફરતો આનંદપુર નામના નગરમાં આવ્યો ને એક ઠેકાણે કોઈના ઘેર વિશ્રામ કર્યો. ત્યાં કોઇ સ્ત્રીએ તેના ઉપર મોહ પામી તેને પ્રાર્થના કરી. રાજા શીળનું મહાત્મ્ય જાણતો હતો, તેથી તેને ઉપદેશ આપી ત્યાંથી વિદાય થઇ ગયો. પરિણામે શ્રીપુર નગરનું રાજ્ય પુણ્યયોગે પ્રાપ્ત થયું અને બાર વર્ષે મલયાગિરિ રાણી અને સાયર ને નીર પુત્રો પણ આવી મળ્યા. પછી બંને રાજ્યના સુખનો અનુભવ કરતાં આનંદથી કાળ નિર્ગમન કરી શીળનું પાલન કરી સ્વર્ગે ગયા.

રાજા **શ્રીપાળ** અને **મયણાસુંદરી**નો વૃત્તાંત પ્રસિદ્ધ છે.

સતી **શીળવતી**નું વૃત્તાંત જાણવા લાયક છે. સતી શીલવતીનું ધાર્મિક શિક્ષણ ઉંચા પ્રકારનું હતું. તેનું લગ્ન **અજિતસેન** નામના શ્રેષ્ઠી સાથે થયું હતું. અજિતસેન બુદ્ધિના બળથી રાજાનો મંત્રી થયો હતો. એક વખતે કોઇ સીમાડાના રાજા ઉપર ચઢાઇ કરવા જતાં પોતાની સાથે આવવા મંત્રીને આજ્ઞા કરી. મંત્રીએ શીલવતીને પૂછયું કે " પ્રિયા ! મારે રાજાની સાથે જવું પડશે, પાછળ તું એકાકી ઘેર શી રીતે રહીશ ? કારણકે સ્ત્રીઓનું શીળ તો પુરૂષ સમીપે હોવાથીજ રહે છે. જે સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય છે, તે સ્ત્રી ઉન્મત્ત ગજેંદ્રની જેમ ઘણી વાર સ્વેચ્છાથી ક્રીડા કરે છે. " પતિના આવાં વચન સાંભળી નેત્રમાં અશ્રુ લાવીને શીળવતીએ શીળની પરીક્ષા બતાવનારી એક પુષ્પની માળા સ્વહસ્તવડે ગુંથી પતિના કંઠમાં આરોપણ કરી અને કહ્યું કે 'હે સ્વામી ! જ્યાં સુધી આ માળા કરમાય નહી, ત્યાં સુધી મારૂં શીળ અખંડ છે એમ સમજવું.' પ્રમાણે થવાથી મંત્રી નિશ્ચિંત થઇને રાજાની સાથે ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વખતે રાજા મંત્રીના કંઠમાં વગર કરમાયેલી માળા જોઇ વિસ્મય પામ્યો, અને તે વિષે પાસેના માણસોને પૂછયું; એટલે તેમણે મંત્રીની સ્ત્રીના સતીપણાના નિશાન તરીકે તેનું વર્ણન કર્યું.

કૌતુકી રાજાએ તે સ્ત્રીની પરીક્ષા કરવાને પોતાના બીજા મંત્રીઓ માર-ફત તજવીજ કરી. તેમને બુદ્ધિશાળી એવી શીળવતીએ યોગ્ય શિક્ષા કરીને, પોતાના શીળનું રક્ષણ કર્યું. પરિણામે શીળવતીના શીળરક્ષણના ગુણથી આશ્ચર્ય પામી રાજા મસ્તક ધુણાવવા લાગ્યો અને તેનું શીળ, તેની બુદ્ધિનો પ્રકાશ અને પુષ્પની માળા ગ્લાની ન પામી તેનું કારણ તેના જાણવામાં આવ્યું. આથી શીળવતીની મોટી પ્રતિષ્ઠા થઇ. પછી દંપતી દીક્ષા લઇ પાંચમા દેવલોકે ગયા અને અનુક્રમે મોક્ષને પ્રાપ્ત થશે.

વિવાહના પ્રસંગે વડીલો તરફથી વરવધૂના સમાન કુળ, ગુણ, બળ અને રૂપની પરીક્ષા યા તપાસ કરીને તેના મળતાપણાના પરિણામે વિવાહ જોડવામાં આવે તો, વર્તમાન કાળમાં ગૃહીધર્મનું પાલન કરનારની ઘણે ભાગે અધોગતિ જોવામાં આવે છે તેમાં કંઇક ઘટાડો થઇ શકે. બેશક કર્મની વિચિત્રતા જુદાજ પ્રકારની છે, એટલે ભાવી શું પરિણામ આવે તે પૂર્ણ જ્ઞાની શિવાય કોઇ-નાથી નક્કી થઇ શકે નહી, એ વાત ખરી છે. પણ જો દંપતીનાં કુળ, ગુણ, બળ અને રૂપ સમાન હોય તો ઘણે ભાગે તેનું પરિણામ સારૂં આવ્યા શિવાય રહે નહી. ઉત્તમ કુળ અને ગુણના પ્રભાવે અનીતિ અને અનાચાર થવા ન પામે એ વાતની આપણે ખાત્રી રાખી શકીએ. વર્તમાનમાં એવાં પણ જોડાં હશે, પણ તે ઘણાં અલ્પ હોય અને સંપૂર્ણ જ્ઞાનીના અભાવે તેનું આંતરસ્વરૂપ કોઈ જાણવાને શકિતમાન થઇ શકે નહી, તેથી આપણને તેની પૂરેપૂરી ઓળખાણ પડી શકે નહી. તો પણ તેવા ભાગ્યશાળી જોડાંના પરિચયમાં આવનારને તેમના સદ્ગુણનું ભાન થઈ શકે. ગૃહીધર્મનું યથાર્થ અને શાસ્ત્રોકત પાલન કરવાને માટે બંનેએ ઉત્તમ સંસ્કારી થવા પ્રયત્ન કરવો એ દરેક ગૃહસ્થ અને ગૃહિ-ણીની ફરજ છે. ગૃહપતિ અને ગૃહિણીએ પોતાની ફરજ સમજવાને માટે નીતિ અને ધર્મના ફરમાનોનો અભ્યાસ કરવો જોઈએ; સત્ સમાગમ મેળવવાને ઉદ્યમ કરવો જોઇએ; અને ઉત્તમ પ્રકારના ગુણો પ્રાપ્ત કરવાને યથાશકિત પોતાનું બળ પરાક્રમ ફોરવવું જોઇએ. જેટલે જેટલે અંશે તે ગુણવાન બનશે તેટલે તેટલે અંશે તે પોતાને, પોતાની પ્રજાને, અને પોતાના સહવાસમાં આવનાર આપ્તવ-ર્ગને ઉપકારી થઇ શકશે. એટલુંજ નહી પણ સમુદાયના અને દેશના ભૂષણ રૂપ ગણાશે.

ચોભંગીના બીજા પ્રકારમાં પુરૂષ સદ્ગુણી અને સ્ત્રી સદ્ગુણ રહિત એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. આવા દાખલા જગતમાં ઘણા જોવામાં આવે છે. શાસ્ત્રમાં પણ તેવા પ્રસંગોનું વર્ણન વાંચવા અને સાંભળવામાં આવે છે. જ્ઞાનપંચમીના કથાપ્રસંગમાં **ગુણમંજરી**ના પૂર્વભવનું સ્વરૂપ વાંચવાથી આપણને આ બીજી ચોભંગીનું સ્વરૂપ સમજાય છે. પુરૂષ ગમે તેવો સદ્ગુણી હોય અને ભાર્યા સદ્ગુણ રહિત હોય તો તેથી પુરૂષને ઘણું સહન કરવું પડે છે. એટલુંજ નહી પણ ઉત્તમ એવા ધર્મી પુરૂષને કર્મબંધનનાં કારણો ઘણાં ઉત્પન્ન થાય છે. અવંતીના **રાજા ભર્તૃહરિ**નો પ્રબંધ જૈન અને જૈનેતરમાં પ્રસિદ્ધ છે. સ્ત્રી કુલટા અને પોતે સદ્ગુણી હતો. કુલટા સ્ત્રીનું ચરિત્ર જાણવામાં આવવાથી, તેમણે રાજ્યત્યાગ કરી વૈરાગ્ય લીધો. તેમનું બનાવેલું વૈરાગ્યશતક વાંચવાથી સંસારનું સ્વરૂપ સમજવામાં આવશે. સ્ત્રીચરિત્ર અને તેનું ગૂઢ અંતઃકરણ પુરૂષ જાણી શકવા શક્તિમાન થઇ શકે નહી. તેને સુધારવાને પુરૂષ જે પ્રયત્ન કરે તે ઘણેભાગે નકામો જવાનોજ સંભવ છે. પણ તેથી આપણે નિરાશ થવાનું કારણ નથી. લગ્નસંબંધ થયા પછી પણ જો પુરૂષ ભાવિ ગૃહધર્મ સુખરૂપ ચલાવવાની ઈચ્છા ધરાવતો હોય તો તેણે શરૂઆતથીજ પોતાની પત્નિને નીતિ અને ધર્મના સંસ્કાર પાડવા માટે યોગ્ય ઉદ્યમ કરવો જોઇએ. ઉદ્યમ વાંઝીયો નથી. શાસ્ત્રકારોએ ગૃહીધર્મનું પાલન કરનાર ઉપર એક જાતની એવી ફરજ રાખી છે કે તેણે દિવસના વખતમાં કામ કરવાના કાળના ભાગ પાડવા. દિવસનો પહેલો પહોર દેવપૂજન, ગુરૂવંદન, અને શાસ્ત્રશ્રવણમાં રોકવો જોઇએ, પછી ભોજનાદિ કાર્યથી પરવારી યથાયોગ્ય ધંધાનું કામ કરવું જોઇએ. સાંજના વખતે ભોજન અને આવશ્યક કરણીથી પરવાર્યા બાદ રાતના દરરોજ સ્વજન વર્ગને ભેગો કરી તેમને ધર્મ અને નીતિનો ઉપદેશ આપવાને થોડો વખત કાઢવો જોઇએ. આ ફરજનો ઘણાભાગે અમલ થતો જોવામાં આવતો નથી. સર્વથા તેનો અમલ થતો નથી એમ કહીએ તો તે પણ ખોટું નથી. અને તેનું પરિણામ કેવા સ્વરૂપમાં આવેલું છે તે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. વર્તમાનમાં એકલો પઇસો કમાવવા તરફજ પુરૂષવર્ગની પ્રવૃત્તિ જોવામાં આવે છે. ઉત્તમ પ્રકારના જીવનમાં અને ગૃહિધર્મના પાલનમાં એકલો પઇસોજ કિંમતી છે, એવી માન્યતા બહુ ટુંકી દૃષ્ટિ બતાવનાર છે. ગૃહસ્થને પઇસો એ ભૂષણરૂપ છે, એ વાત ખરી છે. તેથી તે મેળવવાનો સારી રીતે ઉદ્યોગ કરવો જોઇએ. ન્યાયથી પઇસો મેળવવાને થાય તેટલો યોગ્ય અવસરે પ્રયત્ન કરવો એ દરેક ગૃહસ્થની ફરજ છે, પણ એ ફરજો બજાવવામાં બીજી ફરજો આપણે માથે છે તે ભૂલી જવું જોઇતું નથી. એ આપણે સર્વથા ભૂલી ગયા છીએ. આપણે નીતિ અને ધર્મનું જ્ઞાન મેળવવાનો અને વધારવાનો પ્રયત્ન કરવો જોઇએ, તેની સાથે પોતાના કુટુંબને નીતિમાન્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ધાર્મિક બનાવવાને પ્રયત્ન કરવો, એ પણ આપણી મુખ્ય ફરજ છે. જો આપણે આખા કુટુંબ માટે પ્રયત્ન ન કરીએ ને તેને માટે આપણને વખત ન મળે તો પણ જેની સાથે આપણે પોતાનું જીવન પૂરૂં કરવાનું છે, ગૃહકાર્યની અંદર જેની મદદની આપણને પગલે પગલે જરૂર છે, તે પાત્રને જો નીતિ અને ધર્મનું શિક્ષણ આપી ઉત્તમ બનાવશું તો ગૃહવ્યવસ્થામાં આપણો અમૂલ્ય વખત નકામો જાય છે તે વખતનો બચાવ થશે અને જગતની અંદર આપણે સારાં કામો કરવા ધારશું તો તે કરવાને આપણે વખત કાઢી શકશું. એટલુંજ નહી પણ આપણે ગૃહસ્થાવાસની સાથે આત્મિક ઉન્નતિને માટે વિચારણા કરી ઉન્નતિક્રમમાં આગળ વધવા માગશું તો સુશીળ પત્નિ કદી મદદ નહી કરે તો પણ અંતરાય તો નહીજ કરે.

ચૌભંગીના ત્રીજા પ્રકારમાં પુરૂષ સદ્ગુણ રહિત અને ભાર્યા સદ્ગુણીનો સમાવેશ કરવામાં આવેલો છે. પુરૂષ સદ્ગુણી હોય અને સ્ત્રી સદ્ગુણથી રહિત હોય તેવે પ્રસંગે પુરૂષે સ્ત્રીને સદ્ગુણી કરવાનો પ્રયત્ન કરવો એ જેટલું મુસ્કેલ છે, તેટલી મુસ્કેલી પુરૂષને સુધારવાને સ્ત્રી ધારે તો તેને નડવાની નથી. કારણ, સ્ત્રીવર્ગના મલીન અંતઃકરણ જેટલું પુરૂષનું અંતઃકરણ પ્રાયે મલીન હોતું નથી. સારાસારનો વિચાર સમજ્યા પછી અને દુર્ગુણને દુર્ગુણરૂપે અંતઃકરણ પૂર્વક જાણ્યા પછી પુરૂષ તેને છોડવા ધારે તો તે અંતે જેટલો ફતેહમંદ થાય છે, તેના કરતાં સ્ત્રીવર્ગ ઓછો ફતેહમંદ થાય છે. આ બાબતમાં **લીલાવતીનો રાસ** અથવા તેની કથા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે; તે વાંચવાની ભલામણ કરૂં છું. **સતી લીલાવતી**ને સારા કુળમાં, યોગ્ય અને લાયક પતિ સાથે પરણાવવામાં આવી હતી. માઠા કર્મના ઉદયથી તેનો પતિ કોઈ ગણીકાના પાસમાં સપડાઇ ગયો, અને પોતાના પિતાનું તમામ ધન ગણીકાને આપી તેને ત્યાં રહેવા લાગ્યો. પરિણામે સ્ત્રીને રહેવાને ઘર સુદ્ધાં રહ્યું નહી. સતી લીલાવતીનું ધર્મશિક્ષણ સારૂં હતું, તેના ઉપર ઉત્તમ પ્રકારના ધાર્મિક સંસ્કારો પડેલા હતા, શીળનું મહાત્મ્ય તે સારી પેઠે સમજતી હતી અને સ્ત્રીના ધર્મ જાણવાને તેણે દૃઢ સંકલ્પ કર્યો હતો. પિતાને ત્યાંથી સુખ વૈભવના સાધનો ન મેળવતાં આહીરજાતિની સ્રીઓને લાયક કપડાં અને ગાયો તથા ભેંશોની માગણી કરી તે મેળવ્યાં. પછી મહીયારી ( દુધ વેચનારી )નો ધંધો શરૂ કરી પોતાના પતિને સુધારવાની ઇચ્છાથી તેણી દરરોજ ગણીકાના ઘર આગળ દુધ વેચવા જવા લાગી. પતિની દૃષ્ટિ તેના પર પડવાથી તે જાતે દુધ લેવા તેની પાસે આવવા લાગ્યો. પતિના ચિત્તનું આકર્ષણ કરી દુધની કિંમત તે મોંમાગી લેવા લાગી. તેણી તે સ્થળ શિવાય અન્ય સ્થળે દુધ વેચવા જતી નહતી. એ પ્રમાણે બાર વર્ષસુધી દુધ વેચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાના નિમિત્તે ગણીકાને ઘેર જઇને ઘણું દ્રવ્ય પાછું લાવી. પૈસાની પુતળી એવી ગણીકાને આ બનાવથી પોતાના પૈસા જતા જોઇ શેઠના ઉપર અપ્રીતિ ઉપજી અને શેઠને પોતાને ઘેરથી રજા આપી. આહીરડી શેઠને પોતાના ઘરે લઈ ગઇ અને યોગ્ય અવસરે સર્વ વૃત્તાંત વિનયપૂર્વક કહી સંભળાવ્યો. પછી બન્ને જણાં ગ્રહિધર્મ પાળી ધર્મનું આરાધન કરી ઉત્તમ સુખ પામ્યા.

**સતી સુભદ્રાનું** નામ પ્રસિદ્ધ છે. જેણે પોતાના શીળના મહાત્મ્યથી ચંપાનગરીના દેવતાધિષ્ટિત બંધ દરવાજા ઉઘાડયા હતા. સતી સુભદ્રાના બાપ જૈન ધર્મના મહાન્ ઉપાસક હતા, તેમણે પોતાની બાળાને જૈનદર્શનનું જ્ઞાન અપાવ્યું હતું, તેથી તેવાજ જ્ઞાનવાળા યુવકને એ કન્યા આપવાથી તે સુખી નિવડશે એવી તેણે ધારણા રાખી હતી. તેવા જ્ઞાનવાળાના અભાવે સુભદ્રાનું વેવીશાળ કર્યું ન હતું. એક વિદેશી અન્યદર્શની પણ બુદ્ધિશાળી યુવકને તે વાતની ખબર થઈ, તેથી તેણે જૈન દર્શનનો અભ્યાસ કર્યો, અને સુભદ્રાના પિતાને ત્યાં આવી ઘણા દિવસ રહ્યો. બાહ્યાકૃતિ અને આચરણથી તેણે સુભદ્રાના પિતાનો વિશ્વાસ મેળવ્યો અને પોતાની પ્રતિજ્ઞા પ્રમાણેનો આ યુવક છે એવી પ્રતિતી ઉત્પન્ન કરી. શેઠે તેને પોતાની કન્યા આપી. તે થોડો કાળ શ્વસુરગૃહે રહી પોતાના દેશમાં ચંપા નગરીએ ગયો. પતિનો પોતાની સ્ત્રી ઉપર પૂર્ણ રાગ હતો, તેથી તેના શિક્ષણમાં અને નિત્યના ધાર્મિક કૃત્યમાં તે આડે આવતો નહીં. સુભદ્રાના સાસરવાસના તમામ માણસો મિથ્યાત્વી હતાં, તેઓ સુભદ્રાની નીતિ અને રીતિપર દ્વેષ કરવા લાગ્યા અને તેનાં છિદ્રો જોવા લાગ્યાં. સુભદ્રા ગુણીયળ અને શીળવતી હતી, તેથી તે તમામ સહન કરતી અને કોઇને ઓછું આવે નહી તેવી વર્તણુક રાખતી હતી.

એકદા કોઇ જિનકલ્પી મુનિમહારાજ સુભદ્રાને ત્યાં ગોચરીએ પધાર્યા. તેમની આંખમાં કંઇ પદાર્થ પડવાથી આંખે બહુ પીડા થતી જોઇ. તેથી ભક્તિભાવથી મુનિની આંખમાં પોતાની જીભ ફેરવીને તે વસ્તુ કાઢી તેણીએ તેમના દુઃખનું નિવારણ કર્યું. આ નિમિત્ત પામી સુભદ્રાની સાસુએ તથા નણંદે તેના ઉપર આળ મૂકીને તેના પતિના મનમાં તેના શિયળ સંબંધી શંકા ઉત્પન્ન કરી. તેથી તેના ઉપરથી તેનો રાગ કમી થયો અને સાસુ તથા નણંદ તેને કલંક દઇ મહેણા મારવા લાગ્યાં.

સુભદ્રા પોતાના ઉપર ચઢાવેલા કલંકથી પોતાની અને જૈનશાસનની હીલના થાય છે, એમ જાણી મનમાં ખેદ કરવા લાગી. આ કલંક દૂર કરવા માટે તેણે વિશેષ પ્રકારે ધર્મનું આરાધન કરવા માંડ્યું અને કાયોત્સર્ગ કર્યો. તેના ધ્યાનથી શાસનની અધિષ્ઠાયક દેવીએ દર્શન દઇને જણાવ્યું કે 'ચંપા નગરીના દરવાજા બંધ થઇ જશે તે કોઇનાથી ઉઘડશે નહીં; તું નમસ્કાર મંત્રવડે કાચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂતના તાંતણાથી બાંધીને ચાલણી કુવામાં મૂકી પાણી કાઢીને " મારૂં શીયળ શુદ્ધ હોય તો દરવાજા ઉઘડી જાઓ " એ પ્રમાણે પાઠ કરી પાણી છાંટીશ એટલે દરવાજા તરત ઉઘડશે." એમ કહી અંતર્ધાન થઇ. પરિણામે તેના પ્રભાવથી દરવાજા ઉઘડયા અને તેના શીળગુણનો મહિમા જગપ્રસિદ્ધ થવાની સાથે તેના શ્વસુરપક્ષવાળાએ અને રાજા તથા નગરજનોએ તેના ધર્મની પ્રશંસા કરી અને તેના પતિએ તેનો સ્વીકાર કર્યો.

**ઉપદેશપ્રાસાદ** નામનો ગ્રંથ **શ્રીવિજયલક્ષ્મી** સૂરિએ બનાવેલો છે. તેના ૮૨ મા વ્યાખ્યાનમાં શ્રાવકના ત્રીજા વ્રતનું વર્ણન કરી તેના ઉપર **વંચક**-શ્રેષ્ઠીનું દૃષ્ટાંત આપ્યું છે. તેનો સાર આ પ્રમાણે છેઃ—

એક **હેલાક** નામના શેઠને **ચેલાક** નામનો પુત્ર હતો. તે શેઠ મધુર ભાષણ, ખોટા તોલ માપની રચના, નવી જુની વસ્તુઓ એકઠી કરવી, રસપદાર્થોમાં ભેળભેલ કરવી, ચોરીથી લાવેલ ચીજ વેચાણ લેવી વિગેરે પાપવ્યવહારના પ્રકારોથી ગામના મુગ્ધ લોકોને છેતરી ધનોપાર્જન કરતો હતો. જો કે તે બીજાની વંચના કરતો હતો, તથાપિ પરમાર્થથી તો તે પોતાનીજ વંચના કરતો હતો. કપટી પાપીજનો માયાની રચનાથી જગતને વંચે છે, પણ ખરી રીતે તે પોતાનેજ વંચે છે. આ કારણથી તેનું **વંચકશ્રેષ્ઠી** નામ પડયું હતું.

પુત્ર યૌવન વયને પ્રાપ્ત થયો એટલે એક શુદ્ધ શ્રાવકની ગુણીયલ કન્યા સાથે તેને પરણાવ્યો. પુત્રવધૂ શુદ્ધ શ્રાવિકા અને ધર્મની જ્ઞાતા હતી, તે શેઠને ઘેર આવી. તેણીને પોતાના સસરા અને પતિના અશુદ્ધ વ્યાપારની પ્રસંગવશાત્ ખબર પડી, તેથી તે ધર્માર્થી વધૂએ પોતાના સસરા હેલાક શ્રેષ્ઠીને બે હાથ જોડી વિનંતિ કરી કે, ' હે તાત ! આવા વ્યાપારથી ઉપાર્જન કરેલું દ્રવ્ય ધર્મકાર્યમાં અને શારીરિક ઉપભોગમાં વપરાશે નહી, તેમજ તે ઘરમાં પણ રહેશે નહી, તેથી ન્યાયમાર્ગે દ્રવ્ય ઉપાર્જન કરવું ઉત્તમ છે.' શેઠે કહ્યું કે, 'જો સાચા વ્યવહારથી ચાલીએ તો ઘરનો નિર્વાહ કેમ ચાલે ? કોઈ વિશ્વાસે કરીને પેદા કરવા દે નહી.' વધૂએ નમ્રતાથી કહ્યું કે, " ન્યાયથી મેળવેલું ધન અલ્પ હોય તો પણ તે વ્યવહારશુદ્ધ હોવાથી તેના વડે બીજું ઘણું મળે અને તે ઘરમાં પણ રહે. જેમ સારા ક્ષેત્રમાં વાવેલું બીજ ઘણાં ફળવાળું હોઇ નિઃશંકપણે ભોગાદિકની પ્રાપ્તિને માટે થાય છે. કૂટ તોલ માપ વિગેરે અન્યાયથી જે ધન મેળવવામાં આવેલું હોય છે, તે તપાવેલા પાત્રપરના પાણીના બિંદુની પેઠે નાશ પામતું જણાતું નથી, પરંતુ નાશ પામેજ છે. વળી અન્યાય વડે મેળવેલું દ્રવ્ય અશુદ્ધ, તેનાથી લાવેલું અન્નાદિ અશુદ્ધ, તે અન્નનો આહાર અશુદ્ધ, તે વડે શરીર અશુધ્ધ, અને તેવા શરીરવડે કરેલું કૃત્ય પણ ઉખર ભૂમિમાં વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેલા બીજની જેમ સફળ થતું નથી. ને આ વિષે પ્રતીતિ ન આવતી હોય તો છ માસ સુધી ફૂટ વ્યાપારની વૃત્તિ છોડી ન્યાયવૃત્તિથી વ્યાપાર કરો. એટલે ખબર પડશે." ધર્મી અને ગુણીયલ વધૂના નમ્રતા અને મીઠાશ ભરેલા ઉપદેશની શેઠના મન ઉપર અસર થઇ, અને તેજ વખતથી ન્યાયપૂર્વક ધન ઉપાર્જન કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. છ માસમાં તેણે પાંચશેર સોનું પેદા કર્યું.

શેઠના પ્રમાણિક અને ન્યાયીપણાની ખ્યાતિ વધવા લાગી. સત્ય વ્યવહારથી લોકો તેનોજ વિશ્વાસ કરી તેને ત્યાંથીજ લેવા દેવા લાગ્યા. અને સર્વત્ર તેની કીર્તિ પ્રસાર પામી. શેઠે તે સુવર્ણ લાવી વધૂને અર્પણ કર્યું. વધૂએ ન્યાયોપાર્જન દ્રવ્યની પરીક્ષા કરવાને માટે તે સુવર્ણની એક પાંચ શેરી કરાવી. પછી તેની ઉપર ચામડું મઢાવી પોતાના સાસરાના નામની મહોર કરી બે ત્રણ દિવસ સુધી બજારમાં રખડતી મૂકી, પણ કોઇએ લીધી નહી. એક દિવસ તેને ઉપાડીને એક જળાશયમાં નાખી દીધી. ત્યાં એક મત્સ્ય તેને ગળી ગયો. તે મત્સ્ય ભારે થઇ જવાથી કોઇ ઢીમરની જાળમાં આવ્યો. તેને ચીરતાં પાંચશેરી નીકળી. તેને અમુક તોલું જાણી તે માછી એજ શેઠની દુકાને વેચવા આવ્યો. શેઠે તેના પર પોતાનું નામ હોવાથી થોડું દ્રવ્ય આપી તેની પાસેથી વેચાતી લીધી. પછી તેનાપરથી ચામડું કાઢીને જોતાં પોતાના સોનાની પાંચશેરી જાણી તેને વધૂના વચન ઉપર ઘણી પ્રતીતિ આવી. પછી શુદ્ધ વ્યાપારવડે ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું. અને સાત ક્ષેત્રમાં અનેક પ્રકારે વાપર્યું. તેનો યશ ઘણી પ્રૌઢતાને પામ્યો.

ઇત્યાદિ ઘણાં દૃષ્ટાંતો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, સદ્ગુણી સ્ત્રીઓ પોતાના પતિને અને સમાજને ઘણા ઉપકાર કરનારી છે. તે પ્રમાણે વિદ્વાન સાધ્વીઓ પણ ઉપકાર કરવામાં પ્રબળ નિમિત્ત કારણરૂપ નિવડે છે. **સતી રાજુલ** અને **સુજ્યેષ્ટાએ** વિવાહના ફકત સંકલ્પ કર્યા હતા. પણ કારણ વશાત્ સંકલ્પવાળા પતિ સાથે લગ્ન થવા ન પામ્યા એટલે તેઓએ પોતાની શુદ્ધ સાત્વિકી વૃત્તિને યોગે બીજા પતિ સાથે લગ્ન કરવાની ઇચ્છા નહી કરતાં ચારિત્ર ધર્મ અંગીકાર કરી સ્વપર ઉપકાર કરવાને સમર્થ નિવડયાં. સતી રાજુલે પોતાના દીયર **રહનેમીને** ચારિત્ર ધર્મમાં સ્થિર કર્યા. નૈષધપતિ **નળરાજાએ** દીક્ષા લીધી, ત્યાર પછી પૂર્વે લાખો વર્ષ સુધી સુખ ભોગવ્યા છતાં **દમયંતિ** સાધ્વીને જોઇને પાછો રાગ ઉત્પન્ન થયો. દમયંતિએ ઇંગિત આકારથી નળમુનિના મનોભાવ જાણી સ્વપર ઉપકારાર્થે અનશન કર્યું ને મૃત્યુ પામી દેવતા થઇ. પછી નળમુનિને પ્રતિબોધ કરવા આવી, ને પ્રતિબોધ કર્યો. વસ્તુપાળની સ્ત્રી **અનોપમાદેવી** મહાગુણી હતી. ખાસ પ્રસંગે **વસ્તુપાળ તેજપાળ** તેની સલાહ લેતા હતા અને તેની સલાહ પ્રમાણે તેઓ વર્તતા હતા. તેથી તેમને તેમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજકાજમાં ઘણી અનુકૂળતા થતી હતી. તેણી ઉત્તમ રીતે ધર્મ આરાધન કરી કાળ કરી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ છે.

જૈન કોનફરન્સના સ્થાપક **મી. ઢઢ્ઢાએ** મુંબઇની કોનફરન્સની સબજેકટ કમીટીની મીટીંગમાં પ્રસંગવશાત્ જણાવ્યું હતું કે, તે જ્યારે એમ, એ. ની પરીક્ષાનો અભ્યાસ કરતા હતા, તે વખતે તેમને ધર્મ ઉપર બીલકુલ આસ્થા ન હતી. આજે તેઓ આસ્થાવાન્ બન્યા છે. તે ઉપકાર તેમની માતુશ્રીનો છે. સમેતશિખરજીનો કેશ બંગાળાના ગવર્નર પાસે ચાલવાનો હતો. તે વખતે અમદાવાદથી શેઠ **લાલભાઇ દલપતભાઇને** ત્યાં જવાની ઈચ્છા ન હતી, છતાં તેમના પૂજ્ય ધર્મિષ્ટ **માતુશ્રી ગંગાબાઈએ** ઉપદેશ કરી તીર્થસેવા અને રક્ષણને માટે મોકલ્યાનો દાખલો તાજેજ છે.

આ ઉપરથી આપણી ખાત્રી થાય છે કે, સદ્ગુણી સ્ત્રી પોતાના પતિને એકલાનેજ ઉપકારી નીવડે છે એમ નહી, પણ પોતાના પુત્ર પરિવાર અને સમાજને પણ ઉપકારી નીવડે છે.

ચૌભંગીના ચોથા ભાંગાવાળા સદ્ગુણ રહિત પતિ પત્નિના સંબંધમાં શું જાણવાનું હોય? જીજ્ઞાસુને તેના દાખલા જોવા હશે અને શોધશે તો સમાજમાં તેની ખોટ માલમ પડશે નહી.

જ્યારે સદ્ગુણી સ્ત્રી સ્વપર બંનેને ઉપકારી નીવડે છે, એમ આપણી ખાત્રી થાય છે; ત્યારે સમાજમાં ભવિષ્યની એવી સ્ત્રીઓ બનાવવાને આપણે કંઇ કરી શકીએ કે કેમ? એ પ્રશ્ન ઉભો થાય છે. બાળાઓને ધર્મ અને નીતિનું શિક્ષણ આપવાથી આપણે કંઇક અંશે આપણી ધારણામાં ફળીભૂત થઈ શકીશું એવો વિશ્વાસ રાખવામાં આપણે ભૂલ કરીએ છીએ એમ નથી.

જેવી રીતે પુત્ર નીતિમાન્ અને ગુણીયળ બને, તેવી રીતે તેને કેળવવાની માબાપની ફરજ છે, તેવીજ રીતે પોતાની કન્યા પણ નીતિમાન્ અને ગુણીયલ બને તેવી રીતે તેને કેળવવાની માબાપની ફરજ છે. એ ફરજ વર્ત્તમાનમાં બધે સ્થળે યથાર્થ રીતે બજાવવામાં આવતી હોય એમ જણાતું નથી.

જેટલે દરજ્જે માબાપની ફરજ પોતાની પ્રજાને કેળવવાની છે, તેટલેજ દરજ્જે કે તેથી અધિક ફરજ સમાજના બાળકોને ધર્મ અને નીતિનું શિક્ષણ આપવાની સંસ્થાઓ ઉભી કરવાની તથા તેમાં શિક્ષણ લેનારની સંખ્યા વધવાની સાથે ઉચ્ચપ્રતિનું શિક્ષણ લેવાનો ઉત્સાહ વધે તેવા પ્રકારની યોજનાઓ કરવાની સમાજના નેતાઓની છે. એ ભૂલવા જેવું નથી. એ તરફ દેશકાળને અનુસરીને જેટલા પ્રમાણમાં લક્ષ અપાવું જોઇએ, તેટલા પ્રમાણમાં અપાતું નથી. જેટલા પ્રમાણમાં અપાય છે તે પ્રમાણમાં ઘણો વધારો થવો જરૂરનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો આપણે આપણી અને શાસનની ઉન્નતિ કરવી હોય, જૈનધર્મ સદા-જયવંત વર્તે એવી હૃદયની શુદ્ધ ભાવના હોય, તો વર્તમાનમાં બીજા બધાં કાર્યો કરતાં એ વિષય ઉપર વિશેષ ધ્યાન આપવું જોઇએ.

આપણા સ્ત્રીવર્ગમાં મિથ્યાત્વનું જોર ઘણું છે. મોટા શહેરો કે જ્યાં સાધુ સાધ્વીના દર્શન, શાસ્ત્રશ્રવણ અને જ્ઞાનાભ્યાસનાં સાધનો વિશેષ પ્રમાણમાં હોય છે, તેવા સ્થળોએ પણ જ્યારે મિથ્યાત્વનું જોર કમતી જણાતું નથી, તો પછી કસ્બા અને નાના ગામોમાં મિથ્યાત્વનું જોર વધુ હોય તેમાં તો નવાઈજ શી?

સ્ત્રીવર્ગમાંથી મિથ્યાત્વનું જોર કમતી થાય, તો પુરૂષવર્ગમાંથી તેનો નાશ થતાં વાર લાગે નહિ. કેટલાક મિથ્યા આચાર તથા વિચારોનો નાશ કરવાને પુરૂષવર્ગ ઠરાવો કરે છે, તોપણ અજ્ઞાન સ્ત્રીવર્ગ તે ઠરાવોને હસી કાઢે છે. અને પુરૂષવર્ગે કરેલા ઠરાવોનો અમલ નહી કરવાને પોતાનું શૂરાતન બતાવવામાં બહાદુરી માની ખુશ થાય છે. તેજ સ્ત્રીવર્ગ મિથ્યા આચાર વિચારનું સ્વરૂપ સમજી તેનો નાશ કરવાને પ્રતિજ્ઞા લે અને તે પ્રમાણે વર્તે, તો તેઓ પુરૂષવર્ગ ઉપર તેનો દાબ પાડ્યા શિવાય રહેશે નહિ અને આપણી ધારેલી કાર્યસિદ્ધિ સત્વર થશે, માટે એ દિશામાંજ પ્રયત્ન કરવાની જરૂર છે. ઇત્યલમ્.

વકીલ નંદલાલ લલ્લુભાઇ.

# શ્રી જૈનધર્મ પ્રસારક સભાના સભાસદોને હર્ષદાયક સમાચાર.

આ સભા અનેક ઉત્તમ પુરૂષોના સભ્યપણાથી સારી પ્રતિષ્ઠા-પાત્ર થયેલી છે. દાનવીર સર્વોત્તમ શેઠ મનસુખભાઇ ભગુભાઈ આ સભાના પેટ્રન હતા. તેમનો અકાળે અભાવ થવાથી જૈન સમુદાયને તેમજ આ સભાને ન પૂરી પડે તેવી ખોટ પડી છે. તેમની પાછળ તેમના ઉત્તમ પગલે ચાલનાર તેમના લઘુ બંધુ શેઠ જમનાભાઇને તેમજ તેમના ધર્મિષ્ટ સુપુત્ર માણેકલાલભાઇને તેમની જગ્યા પૂરવા માટે પેટ્રનપણું સ્વીકારવાની અરજ કરવામાં આવતાં ઉદાર દિલના તે બંને ગૃહસ્થોએ તેનો સ્વીકાર કર્યો છે. આ અત્યંત હર્ષદાયક બનાવ બન્યો છે. તે પ્રસિદ્ધ કરતાં અમે તે બંને ગૃહસ્થેને અભિ-નંદન આપીએ છીએ, તેમની ઉત્તરોત્તર ચડતી સ્થિતિ ઇચ્છીએ છીએ અને પરમાત્મા પાસે તેઓ દીર્ઘાયુષ્ય અને આરોગ્યવંત રહે તેવી પ્રાર્થના કરીએ છીએ.

તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चंद्राजाना रासउपरथी नीकळतो सार.

અનુસંધાન પૃષ્ટ ૨૫૪ થી.

## પ્રકરણ ૨૩ મું.

ચંદરાજા શ્રી ઋષભદેવ પરમાત્માની સ્તુતિ કરે છે કે—" હે ત્રણ ભુવનના પ્રતિપાલક ! શાંતિ સુધારસના ચંદ્ર ! ભવ્યજનોની આશાના વિશ્રામ ! અપૂર્વ સુરતરૂ ! તમારા ચરણ કમળમાં સર્વ પુરંદરો મધુકરવત્ લીન થયેલા છે, તમારા ગુણ અનંતાનંત છે, સચરાચર જગતમાં તમારી આજ્ઞા પ્રવર્ત્તમાન છે, તમારા નામગ્રહણરૂપ વજ્ર પ્રાણીના કર્મરૂપ મહીધરને ભેદી નાખે છે, તમે અનુભવરસના સિંધુ છો, અવર દેવ તમારી પાસે છીલ્લર સમાન છે, તમે કેવળજ્ઞાનવડે જગતચક્ષુ ( સૂર્ય ) સમાન છો, અવર દેવ હરિ હર બ્રહ્માદિ તમારી પાસે ખદ્યોત સમાન છે, તમારા ગુણ સર્વ સમુદ્રને શાહીરૂપ કરવામાં આવે તો પણ લખી શકાય તેમ નથી અર્થાત્ અનંત છે, તમે શિવગિરિની કંદરામાં વસનારા પંચાનન છો, તમારા દરબારમાં અચ્યુતેંદ્રાદિક પણ કિંકર થઇને રહે છે, તમે ગંધહસ્તી સમાન છો. અન્ય દેવો સામાન્ય હસ્તી તૂલ્ય છે; ગંધહસ્તીના ગંધમાત્રથી અન્ય હસ્તીઓના મદ ગળી જાય છે, તેમ આપના ગુણાનુવાદ પાસે અન્ય દેવોના મદ ગળી જાય છે, તમે અપૂર્વ ગરૂડ છો કે જેથી તમારી પાસેથી કર્મરૂપ વિષધર ત્રાસ પામીને નાસી જાય છે, જે ભવ્ય જીવો તમને નમસ્કાર કરે છે, તેઓ પછી અન્યસ્થાનકે સ્કંધ નમાવતા નથી, કેમકે સુરતરૂની છાયાને તજીને અન્ય જાળા ઝાંખરાનો આશ્રય કોણ લેય ? તમારા આરાધનરૂપ જળધરથી ભવદાવાનળનો તાપ શાંત થઈ જાય છે, તમે ગુણરૂપ મણિના રોહણાચળ છો અને પરિસહ ઉપસર્ગાદિ સહન કરવામાં સર્વસહા ( વસુંધરા ) તુલ્ય છો, તમે કર્મરૂપ સિંહોને પરાસ્ત કરવામાં અપૂર્વ અષ્ટાપદ સમાન છો, તમારી શક્તિ અપરંપાર છે, હે પરમાત્મા ! મારી તો માત્ર એટલીજ વિનંતિ છે કે મને ભવોભવમાં તમારી સેવા ભક્તિ આપજો. "

આ પ્રમાણે પરમાત્માની સ્તુતિ કરીને પછી ચંદરાજા ચિંતવે છે કે— ' અહો કયાં હું ને કયાં આ ગિરિરાજ ! પૂરા પુણ્યના ઉદયથીજ આ યાત્રાનો લાભ મને મળ્યો છે. ' પછી શ્રી ભર્ત્તાર જિનમંદિરની બહાર આવ્યા. ત્યાં ચારણશ્રમણને દેખી વંદના કરી. તેમની પાસે ધર્મોપદેશ સાંભળીને આનંદિત થયા. પછી ગિરિરાજની પ્રદક્ષિણા દીધી અને પોતાના મનુષ્ય જન્મને સફળ કર્યો.

અહીં વિમળાપુરીમાં એક દાસીએ દોડતાં જઇને મકરધ્વજ રાજાને વધામણી આપી કે—' હે મહારાજ ! ચંદરાજા કુકડો મટીને મનુષ્યરૂપે સૂર્યકું-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડના પ્રભાવથી પ્રગટ થયા છે.' રાજા તે હકીકત સાંભળીને બહુજ હર્ષિત થયો. બધી હકીકત વિસ્તારથી પૂછી અને તેને પુષ્કળ દાન આપી સંતુષ્ટ કરી. નગરીમાં ઘરે ઘરે એ વાત વિસ્તરી ગઇ. નગરલોક પણ સૌ અત્યંત ખુશ થયું. ઘરે ઘરે આનંદ પ્રવર્તી રહ્યો. લોકો ચંદરાજાને જોવાને ઉત્સુક થઈ ગયા અને પરસ્પર કહેવા લાગ્યા કે 'પરમાત્માએ અત્યારે તો પૂરેપૂરી કૃપા કરી છે.'

મકરધ્વજ રાજા અને પ્રેમલાની માતાએ અત્યંત હર્ષિત થઇ સર્વ મંત્રી સામંતોને રાજસભામાં બોલાવ્યા. તેઓ પણ આ વાત સાંભળીને કદંબના કુસુમની પેઠે ઉલ્લસિત થયા. પછી શિવકુમાર નટને અને શિવમાળાને બોલાવી એ વાત કહી અને કહ્યું કે–'તમારા કારણથી અમને આ પરમ લાભ પ્રાપ્ત થયો છે, એ સંબંધમાં તમારો પરમ ઉપકાર થયો છે.' 'તેઓ પણ આ વાત સાંભળીને અત્યંત રાજી થયા. પછી ચંદરાજાના સૈનિકો જે કુર્કટની સંભાળ માટે આવેલા હતા, તેમને બોલાવીને બધી વાત કરી. તેઓ પણ બહુ ખુશ થયા. પછી મકરધ્વજ રાજા સર્વ પરિવારને લઇને વિમળાચળ તરફ ચાલ્યો અને ઉપર ચડી સર્વ પરિવાર ચંદરાજાને ભેટ્યો. પરસ્પર હર્ષસાગર ઉછળવા લાગ્યો. પછી ચંદરાજાને સાથે લઇને સૌ પાછા પ્રભુના મંદિરમાં ગયા અને પરમાત્માના દર્શનનો પરમ લાભ પ્રાપ્ત કર્યો.

પછી પ્રેમલા પોતાના માતાપિતાને પ્રણામ કરીને બોલી કે–'હે પૂજ્ય! આપના પ્રતાપથી હું મારા ભર્તારને મેળવી શકી છું, એ આભાપુરીના નરેંદ્ર છે, વીરસેન રાજાના પુત્ર છે, સૂર્યકુંડના જળના પ્રભાવથી કુર્કટ ફીટીને મનુષ્ય થયા છે, હવે તમે તમારા જમાઇને જુઓ ને બરાબર ઓળખો. આ સંસારમાં સરખા સરખું પણ અનેક જગ્યાએ જોવામાં આવે છે. પરંતુ આ તમારા જમાઇ સરખા મનુષ્ય તો અન્યત્ર જોવામાં આવે તેમ નથી. પ્રભુએ આજે મને કલંક ટાળીને શશીકળા કરતાં પણ વધારે ઉજ્વળ બનાવી છે, અને ગિરિરાજની સેવાથી મારી ને એમની બંનેની આશા ફળિભૂત થઇ.'

આ પ્રમાણેના પોતાની પુત્રીના વચનો સાંભળીને સૌરાષ્ટ્ર દેશનો રાજા અત્યંત હર્ષિત થયો અને વિકસ્વર નેત્રવડે ચંદરાજાને જોવા લાગ્યો. સાસુએ જમાઇને મોતીવડે વધાવ્યા. સસરો જમાઇ આલિંગન દઇને મળ્યા. ચંદ રાજાના સાંમતોએ પણ પ્રણામ કર્યા અને કહ્યું કે 'હે સ્વામી! તમે પક્ષી થઇને અમારી ખરેખરી પરીક્ષા કરી છે.' નટનું પેડું તમામ ચંદરાજાને પગે લાગ્યું. અને તેમની કીર્તિના ગુણગાન કરવા લાગ્યું. આ હકીકત ક્ષણવારમાં દશે દિશામાં પસરી ગઇ. પછી મંગળ વાજીંત્રો વાગતે બંને રાજા ચંદ ને મકરધ્વજ પહેલા બે દેવલોકના ઇંદ્રની જેવા શોભતા પોતપોતાના પરિવાર સહિત ગિરિ-

પરથી નીચે ઉતર્યા. પ્રભુના ગુણ ગાતા ને સ્તવના કરતા અનુક્રમે તળહટીએ આવ્યા એટલે પછી નગરપ્રવેશની તૈયારી થઇ. વિમળપુરીના ઇશે મોટો વરઘોડો તૈયાર કર્યો. એક મહાન હસ્તીપર ચંદ રાજાને બેસાડી આગળ ચલાવ્યા. માથે છત્ર ધરાવ્યું અને બે બાજુ ચામર વીંજાવા લાગ્યા. પોતે પણ એક હાથીપર બેઠા. પ્રેમલાલચ્છી રથમાં બેઠી. બીજા સર્વ પોતપોતાને યોગ્ય વાહનપર આરૂઢ થયા. અનેક પ્રકારના વાજીંત્રો આગળ વાગવા લાગ્યા, છડીઓ ઉછળવા લાગી, બંદીજનો બીરૂદાવળી બોલવા લાગ્યા, યાચકોને દાન દેવાવા લાગ્યા, ચોતરફ ધ્વજ પતાકા ફરકવા લાગી, નાટકીઆઓ નાચ કરવા લાગ્યા, વારાંગનાઓ નૃત્ય કરતી કરતી આગળ ચાલવા લાગી. આ પ્રમાણે પારાવાર શોભાવડે શોભતા ચંદરાજાએ પ્રજાજનના હર્ષને સંપૂર્ણ કરતાં વિમળપુરીમાં પ્રવેશ કર્યો. નગરના સ્ત્રીપુરૂષો ઉંચે ચડી ચડીને ચંદરાજાને જોવા લાગ્યા અને પ્રેમલાને આશીષ આપવા લાગ્યા.

આ પ્રમાણેના મહોત્સવપૂર્વક ચંદરાજા ને વિમળેશ રાજમહેલ સમીપે આવ્યા એટલે હાથી ઉપરથી નીચે ઉતર્યા. યાચકોને પુષ્કળ દાન આપી એવા સંતુષ્ટ કર્યા કે ઘરે જતાં તેમની સ્ત્રીઓએ તેમને ઓળખ્યા પણ નહી. શિવકુમારને બોલાવીને ચંદરાજાએ ક્રોડોગમે દ્રવ્ય આપી એવો બનાવી દીધો કે નાનો સુનો રાજા પણ તેના લેખામાં આવે નહિ. પછી ચંદરાજાએ પોતાના સામંતોને પુષ્કળ દાન આપી પોતાના મિત્રપણે સ્થાપન કર્યા. સૌ પોતપોતાને સ્થાનકે ગયા. સર્વત્ર હર્ષ હર્ષ ને હર્ષ વર્તી રહ્યો.

અહીં પ્રેમલા તો એટલી બધી હર્ષથી વિકસ્વર રોમાંચવાળી થઇ કે જેથી તે પોતાના કંચુકમાં સમાઇ શકી નહીં. હવે મકરધ્વજ રાજા પોતાની પુત્રી પાસે આવી, આંખમાં આંસુ સહિત પોતાના હૃદયમાં હતું તે કહેવા લાગ્યા. “ હે પુત્રી ! તું મારી ઉપર કિંચિત્ પણ ખેદ કરીશ નહીં. મારા અવગુણ તારા મનમાં લાવીશ નહી. મેં સોળ વર્ષ પર્યંત તારી ઉપર બીલકુલ સ્નેહ કર્યો નથી. મેં એ સંબંધમાં તદ્દન વગર વિચાર્યું કર્યું છે. તને કુષ્ટીના વચનથી મેં વિષકન્યા ઠરાવી, તને મૃત્યુ પર્યંતની સ્થિતિએ પહોંચાડી. એ વખત જો મેં મંત્રીનું કહ્યું ન કર્યું હોત, તો કેવું માઠું પરિણામ આવત ? તારા ભાગ્યેજ તને બચાવી છે. બાકી મેં તો તને દુ:ખ દેવામાં બાકી રાખી નથી. તેં તો પ્રથમજ કહ્યું હતું કે ‘ મારા ભર્ત્તાર આભાપતિ ચંદરાજા છે. ’ પણ મેં મૂર્ખે કોઢીઓના વચનથી ભોળવાઇને તે વાત માની નહીં. મારી મતિજ [illegible] થાસી ગઇ: તને પરણેલા તારા ખરા સ્વામીને તો હવે મેં ઓળખ્યા. [illegible] આ ચંદરાજા અને ક્યાં તે કોઢી ? મેરૂ ને સરસવ જેટલું અંતર છે. હે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વત્સ ! તારૂં ભાગ્યજ મહા બળવાન્ છે, કે તેણે સર્વ શુભ સંયોગ પરિણામે મેળવી-આપ્યો છે. હવે મને મારી તમામ ભૂલ સમજાણી છે. મારી કૃતિનો મને પારાવાર પસ્તાવો થાય છે, પણ તું હવે તે વાત મનમાં લાવીશ નહીં." પ્રેમલા બોલી કે-" હે પિતા ! એમાં તમારો કિંચિત્ પણ દોષ નથી, દોષ મારા કર્મનોજ છે. પ્રાણી જે સુખ દુ:ખ પામે છે, તે પોતપોતાના કર્મવડેજ પામે છે. બાકી બીજા તો નિમિત્ત માત્ર છે. આવો ઉત્તમ ભર્ત્તાર મને તમારા પ્રતાપેજ મળ્યો છે. હું તો ગુણહીન છું. આપે પૂર્વની હકીકત કાંઇ સંભારવીજ નહીં; કારણ કે પુત્ર કુપુત્ર થાય, પિતા કુપિતા થાયજ નહીં. જે દુર્જનોએ આપને ભોળવ્યા તેનું પણ કલ્યાણ થજો; કારણ કે તે વિના હું આવી જગતમાં જાણીતી કેમ થાત ? હે પિતા ! આપ હવે મારા પર અખંડ પ્રીતિ રાખજો અને મારા પતિ તરફ પણ સુદ્દષ્ટિ રાખજો; કારણકે હજુ નાવ આ કાંઠે છે."

મકરધ્વજ રાજાએ કહ્યું કે-" હે વત્સે ! એ સંબંધી તારે બીલકુલ ચિંતા ન કરવી. આ વિમળાપુરીથી આભાપુરી સુધી મધ્યમમાં જે જે દેશો છે તેના રાજા તરીકે મેં ચંદનેજ સ્થાપન કર્યો છે. તે સર્વ દેશોનો તે રાજા થશે તેમાં તારે બીલકુલ સંદેહ ન કરવો. તેં મારા કુળમાં ઉત્પન્ન થઇને મારા કુળને વિશેષે ઉજ્જવળ કર્યું છે. તારા ભાગ્યથીજ આવો ઉત્તમ જમાતા મને પ્રાપ્ત થયો છે. તારૂં ચરિત્ર તો કવિઓને મુખે ગવાશે અને શાસ્ત્રોમાં લખાશે." આ પ્રમાણે કહીને પછી ચંદરાજાને એક સુંદર આવાસભુવન રહેવા આપ્યું, અને ત્યાં તમામ પ્રકારની ગોઠવણ કરી આપી. તે મંદિરમાં રહીને ચંદરાજા પ્રેમલાની સંગાથે દોગંદુક દેવની જેવા મનુષ્ય સંબંધી અપ્રતિમ સુખભોગ ભોગવવા લાગ્યા અને આનંદથી રહેવા લાગ્યા.

અન્યદા વિમળેશ ચંદરાજાને એકાંતે બેસાડીને પૂછવા લાગ્યા કે-' હે ચંદનૃપતિ ! તમને કુકડા કોણે કર્યા હતા ? તમે અહીં શી રીતે આવ્યા હતા ? પ્રેમલાને શી રીતે પરણ્યા હતા ? અને પાછા શી રીતે ચાલ્યા ગયા હતા ? આ વૃત્તાંત જાણવાની મને ઘણી ઉત્કંઠા છે તેથી તે કહો.' ચંદરાજા બોલ્યા કે-" હે રાજન્ ! મારે ઓરમાન માતા વીરમતી નામે છે. તેણે મારી પ્રથમ સ્ત્રી ગુણાવળી નામે છે, તેને ભોળવી. તે બંને એક આંબા ઉપર બેસીને અહીં આવવા તૈયાર થયા. તે વાત મારા જાણવામાં આવતાં હું તે વૃક્ષના કોટરમાં સંતાઇ ગયો. આકાશમાર્ગે ચાર ઘડીમાં અમે અહીં આવ્યા. નગરી બહાર ઉદ્યાનમાં વૃક્ષ રાખી તેના ઉપરથી તે બંને ઉતરી ગામમાં લગ્ન મહોત્સવ જોવા આવ્યાં. હું પાછળ પાછળ ચાલતો હતો, ત્યાં હિંસક મંત્રીના માણસોએ મને પકડયો અને પોતાના મકાનમાં લઇ જઇ મને અનેક પ્રકારે ભોળવ્યો. મારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાય ન ચાલવાથી મેં ભાડે પરણવું કબુલ કર્યું અને તમારી પુત્રીને પરણ્યો. પછી પાછા જવાની ઉતાવળથી હું કંઇક મિસ કરીને નીકળી છુટયો અને આંબાના કોટરમાં જઇને ભરાણો. પાછળથી તે બંને સાસુ વહુ આવી અને ઝાડ઼ઉપર ચડી. અમે કુશળક્ષેમ આભાપુરી પહોંચ્યા. પણ ત્યાં રાત્રીની હકીકત પ્રકટ થઇ એટલે મારી અપરમાતાએ મારાપર ક્રોધાયમાન થઇને મને કુકડો બનાવી દીધો. અનુક્રમે હું નટની સાથે અહીં આવ્યો અને સિદ્ધગિરિના પસાયથી પાછું મનુષ્યપણું પામ્યો."

આ પ્રમાણેની હકીકત સાંભળીને મકરધ્વજ રાજાને પોતાના કૃત્યને માટે ઘણો પશ્ચાત્તાપ થયો. પોતે વિચારવા લાગ્યો કે–"હું ઘણો નિપુણ છતાં પણ કુબુદ્ધિને વચને ઠગાણો. મંત્રીનું સારૂં થજો કે તેણે કુંવરીને બચાવી, નહીં તો જીંદગી સુધી આ દુઃખ વિસારે પડત નહી, તેમ એ પાપથી હું છુટી પણ શકત નહીં. કુષ્ટી પણ કેવો દુષ્ટ કે પોતાનું કુષ્ટીપણું ઢાંકી દઈ મારી પુત્રીને વિષકન્યા ઠરાવી. આજ એ કપટ બધું ખરેખર ઉઘાડું પડયું અને સત્ય વાત પ્રકટ થઈ. પાપ લાંબે કાળે પણ પ્રકટ થયા સિવાય રહેતુંજ નથી. અત્યારે ચંદરાજાથી એ પાપીઓનું બધું કપટ જાણવામાં આવ્યું, તો હવે એ દુષ્ટોને તેના કૃત્યની યોગ્ય શિક્ષા કરૂં." આ પ્રમાણે વિચારીને તેણે કારાગૃહમાંથી કુષ્ટી, તેના માતા પિતા, હિંસક મંત્રી ને તેની ધાવ્યમાતા–પાંચેને રાજસભામાં બોલાવ્યા. હવે તેઓ રાજસભામાં આવશે અને મકરધ્વજ રાજા તેને યોગ્ય શિક્ષા ફરમાવશે, એ પ્રસંગે પણ સજ્જનનું સજ્જનપણું પ્રકટ થશે, તે આવતા પ્રકરણમાં આપણે વાંચીશું. હાલ તો આ પ્રકરણમાંથી શું રહસ્ય ગ્રહણ કરવાનું છે તે વિચારીએ અને તેને હૃદયની અંદર સ્થાપિત કરીએ.

## પ્રકરણ ૨૩ માનો સાર.

આ પ્રકરણ આખું હર્ષથી ઉભરાઈ જતું છે. પ્રારંભમાં ચંદરાજા ઋષભદેવ પરમાત્માની સ્તુતિ કરે છે તે ખાસ વાંચવા યોગ્ય છે. પરમાત્મા અનંત ગુણોથી ભરેલા છે. તેમના એકેક ગુણનું વ્યાખ્યાન પણ પૂરેપૂરૂં થઇ શકે તેમ નથી. તો પણ ચંદરાજાએ બહુ ઉત્તમ પ્રકારે સ્તુતિ કરી છે. દરેક શ્રાવકભાઇએ પરમાત્માની દ્રવ્યપૂજા કર્યા પછી પ્રસન્ન ચિત્તે આવા અપૂર્વ ભાવવાળી સ્તુતિ કરવારૂપ ભાવપૂજા અવશ્ય કરવી જોઇએ. દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજાનું ફળ અનંતગણું શાસ્ત્રકાર કહે છે. તેનું કારણ માત્ર તેથી પ્રાણી પોતે સદ્ગુણનો સાચો રાગી થાય છે, સદ્ગુણ તરફ આકર્ષાય છે અને ખરા સદ્ગુણ મેળવી પ્રાંતે પરમાત્મ દશાને પ્રાપ્ત કરે છે તે છે. ચંદરાજાએ કરેલી સ્તુતિ ધ્યાન દઇને વાંચવા લાયક છે. તેણે ભગવંતને ઉપમાઓ ઘણી સારી આપી છે અને પ્રાંતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાર્થના પણ ઐહિક સુખની ન કરતાં ભવોભવ પરમાત્માની સેવા પ્રાપ્ત થાય તેજ કરી છે. ઇચ્છવા યોગ્ય પણ એજ છે. મંત્રના બીજાક્ષરની જેમ સર્વ પ્રકારના લાભો મેળવવાનું એ બીજ છે.

પરમાત્માની સ્તુતિ કર્યા પછી આવા અપ્રતિમ તીર્થની યાત્રાનો લાભ પોતાને અણધાર્યો મળ્યો તેને માટે ચંદરાજા પોતાના આત્માને ધન્ય ગણે છે. અત્યંત દૂર રહેનાર, અને આવવા જવાના આજની જેવા રેલવે વિગેરે સાધનો નહીં, તેથી ભવમાં એકવાર પણ આ તીર્થની યાત્રાનો લાભ કોઇ ઉત્તમ જીવનેજ મળી શકે તેમ હોવાથી પોતાને ધન્ય માનવું તે યોગ્ય છે. કારણકે રાજસંપત્તિમાં લુબ્ધ થયેલા રાજાઓને પોતાનો વ્યવસાય અને સુખભોગ છોડીને નીકળવું અને મધ્યમાં આવતા અનેક રાજાઓ સાથે મેળ કરીને વિમળાપુરી સુધી પહોંચવું એ તે વખતને માટે ખરેખરૂં મુશ્કેલ હતું.

જિનમંદિરની બહાર નીકળ્યા પછી સોના ને સુગંધનો યોગ થાય અથવા સુવર્ણમુદ્રામાં માણિક્ય જડાય તેની જેવો ચારણશ્રમણનો યોગ થાય છે. ચંદરાજા તેનો લાભ લે છે. તેમને વંદના કરી ધર્મોપદેશ સાંભળી આત્માને કૃતાર્થ કરે છે અને પછી દ્રવ્યભાવથી મહાન્ ઉપકારી તીર્થની ફરતી પ્રદક્ષિણા દે છે.

અહીં મકરધ્વજ રાજાને વધામણી મળે છે. તે વાતથી તેનું ચિત્ત અત્યંત પ્રસન્ન થાય તેમાં કાંઈ નવાઇ નથી. કારણ કે સોળ સોળ વર્ષ પર્યંત પોતાની પુત્રીને પરણાવ્યા છતાં તેના પતિનો પત્તો ન મળે એ પુત્રીના પિતાને ઓછું દુઃખકર નથી. પુત્રી પરણાવ્યા પછી સાસરેજ શોભે છે, પરંતુ જ્યાં સાસરૂં શોધ્યું જડે નહીં ત્યાં કયાં મોકલવી ? વળી એવી યૌવન અવસ્થામાં પુત્રીના શીળનું રક્ષણ કરવું તે પણ મુશ્કેલીવાળી હકીકત છે. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી સુપુત્રીને માટે તો એવી ચિંતા રાખવાની હોતી નથી, કેમકે તેનું મન એ સંબંધમાં અત્યંત દૃઢ હોય છે, પ્રાણાંતે પણ તે શીળ ખંડન કરતી નથી, તેમ થવા દેતી પણ નથી. તોપણ માતા પિતાના મનને એ સંબંધી ફીકર તો રહે છે જ. ચંદરાજાના પ્રકટ થવાથી એ ચિંતા તદન નાશ પામે છે અને તેનું સ્થાન હર્ષ લે છે. રાજા નટને બોલાવે છે, તેનો આભાર માને છે અને પછી બધા પરિવારને લઇને પોતાના જામાત્રને મળવાની તીવ્ર ઉત્કંઠાથી તેની સામા જાય છે. તેમને આ કારણથી તીર્થયાત્રાનો પણ લાભ મળે છે. જો કે તેઓ તો તેની તળેટીમાંજ રહેનારા હતા અને તેથી વારંવાર એ અપૂર્વ તીર્થની યાત્રાનો લાભ લેતા હતા. બાકી કેટલીક વખત તો अति परिचयादवज्ञा એ ન્યાયે બહુ સમીપ રહેનારાના ભાવ તેની ભક્તિ પરત્વે અત્યંત મંદ હોય છે, તેઓ તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસ્તવિક લાભ લઇ શકતા નથી, પણ ઉલટો કેટલીક વખત ગેરલાભ મેળવે છે. આ વાત તીર્થના સમીપવાસી જીવોએ ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે.

ગિરિરાજપર ચડી ચંદ રાજાને ભેટીને પછી પરમાત્માના દર્શન પૂજાનો અપૂર્વ લાભ પણ મેળવે છે. પછી પ્રેમલા પોતાના પિતા પાસે બહુ યોગ્ય શબ્દમાં પોતાના ઉદ્‌ગારો કાઢે છે. રાજા પ્રસન્ન થાય છે. પછી સૌ નીચે ઉતરે છે અને મોટા મહોત્સવ સાથે ચંદ રાજાને વિમળાપુરીમાં પ્રવેશ કરાવે છે. સાચો લગ્નમહોત્સવ અત્યારેજ પ્રવર્ત્તે છે. પ્રેમલા પણ આજેજ પોતાના લગ્ન થયાનું માને છે. નગર લોકો પણ મળતે મળતું જોડું જોઇને બહુ રાજી થાય છે. અને પોતાનો હર્ષ પ્રદર્શિત કરમાં પછાત પડતા નથી.

બધું ઠેકાણે પડયા પછી ચંદરાજા શિવકુમાર નટને બોલાવે છે અને તેને એવો ન્યાલ કરે છે કે તેની ભવની ભાવઠ નાશ પામે છે. તે એક રાજા જેવો બની જાય છે. જીંદગી પર્યંત નટપણું કરવાનું બાકી રહેતું નથી. તેનો ઉપકાર પણ એવોજ છે. ઉત્તમ જીવો તો અણુ માત્ર ઉપકારનો અત્યંત બદલો વાળે છે તો આ તો ઉપકારજ એટલો છે કે જેનો પ્રત્યુપકાર થઇ શકે નહીં. અપરમાતા પાસેથી પ્રાણાંત કષ્ટમાંથી છોડવ્યા, પરમપ્રિય પ્રિયા સાથે મેળવી આપ્યા અને તેમના નિમિત્ત કારણથી છેવટ મનુષ્યપણું પણ પામ્યા. આ ઉપકારની હદ બાંધી શકાય તેમ નથી. ચંદ રાજા સુજ્ઞ હોવાથી તે બધું સમજે છે અને તેથી તેનો બદલો આપવામાં બાકી રાખતા નથી.

આ પ્રસંગે પ્રેમલાને જે હર્ષ થયો છે તે તો અવર્ણનીયજ છે. તે પોતાના પૂર્વ વસ્ત્રોમાં ન સમાય તેમાં પણ કાંઈ આશ્ચર્ય જેવું નથી. હવે મકરધ્વજ રાજાનો વારો આવે છે. તેને પોતાની ભુલ બરાબર સમજાય છે. એટલે પોતાની પુત્રી પાસે આવીને તે સંબંધી અત્યંત પશ્ચાતાપ પ્રદર્શિત કરે છે. આત્મનિંદા કરવી, પોતાની ભૂલ ઓળખવી અને બીજા પાસે કહેવી તે ઉત્તમ મનુષ્યોનુંજ કામ છે. તેઓજ તે પ્રમાણે કરી શકે છે. અહીં પ્રેમલા તો બહુ વિચક્ષણ હતી, જૈન શાસ્ત્રોની જ્ઞાતા હતી, તેના રહસ્યને સમજનારી હતી, સુખ દુઃખની પ્રાપ્તિના ખરા કારણ તરીકે પોતાના બાંધેલા કર્મોજ હોય છે એમ બરાબર તે સમજતી હતી. એ સંબંધમાં મયણાસુંદરીનું ને તેનું એકજ સ્વરૂપ હતું. એટલે તે પોતાના પિતાને કહે છે કે–"એમાં આપનો દોષજ નથી, દોષ મારા કર્મનોજ છે. જો મારે એવા અશુભ કર્મનો ઉદય થયો ન હોત તો બીજા શું કરવાના હતા. બીજાથી મારૂં અશ્રેય કદી પણ થઇ શકત નહીં. પણ જ્યાં મારા કર્મેએજ મને હેરાન કરવાનું ધાર્યું ત્યાં બીજાનો શું વાંક?" ઈત્યાદિ વચનોથી તેણે પોતાના પિતાને શાંત કર્યા. પણ છેવટે એક વાત જણાવી દીધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે–' હુવે ચંદરાજાને તેનું રાજ્ય પ્રાપ્ત થાય તેમ કરવાની તમારી ફરજ તમારે યાદ રાખવાની છે.' વિચક્ષણ પુત્રીની આ સૂચના રાજા તરતજ સમજી જાય છે અને કહે છે કે 'એ વાતની તારે બીલકુલ ચિંતા ન કરવી. આભાપુરીનું રાજ્ય તો તેને મળવાનુંજ છે પણ અહીંથી ત્યાં સુધી મધ્યમાં આવેલા રાજ્યો પણ હું એને મેળવી આપવાનો છું.'

હવે ચંદરાજા પ્રેમલા સાથે યથેચ્છ સુખભોગ ભોગવે છે. આ પણ પૂર્વે બાંધેલા પુણ્યનું ફળ છે. ઉત્તમ મનુષ્યોને અનાયાસે એવા સુખભોગ પ્રાપ્ત થાય છે અને તેનો તેઓ યોગ્ય રીતે લાભ લે છે. અત્યંત આસક્તિથી તેઓ તેમાં લીન થઇ જતા નથી અને નવાં અશુભ કર્મો બાંધતા નથી પણ તેની અંદર રહેલું સ્વરૂપ સમજીને તેનો ઉપભોગ કરતાં કરતાં પણ પોતાનું સ્વરૂપ સ્મરણમાં રાખે છે, અને રૂક્ષવૃત્તિથી તેનો લાભ લે છે. આ વાત સુજ્ઞ જનોએ સ્મરણમાં રાખવા યોગ્ય છે.

અન્યદા રાજા ચંદનૃપતિને તેનું પૂર્વ વૃત્તાંત પૂછે છે, એટલે સરલ ચિત્તવાળા ચંદ નરેશ તે યથાર્થ કહી બતાવે છે. તેના પ્રાંત ભાગમાં આવેલી હિંસક મંત્રીની કપટ જાળનું વર્ણન સાંભળી મકરધ્વજ રાજાનો તેના ઉપરનો ક્રોધ જાગૃત થાય છે અને તેથી તે કારાગૃહમાંથી તેઓને બોલાવીને તેના પરના તહોમતો સાબીત થએલા હોવાથી પુરાવાને અભાવે જે શિક્ષા કરવામાં આવી નહોતી તે શિક્ષા કરવાનું ધારે છે.

અહીં આ પ્રકરણ સમાપ્ત થાય છે, હવે સિંહલ રાજા અને હિંસક મંત્રી વિગેરે રાજસભામાં આવશે અને રાજા તેને પ્રત્યક્ષ પૂરાવાને આધારે યોગ્ય શિક્ષા ફરમાવશે, તે વખતે ચંદરાજા પોતાનું સજ્જનપણું બતાવી આપશે, તે બધું આવતા પ્રકરણમાં આપણે વાંચીશું. હાલ તો આ પ્રકરણમાંહેનો ઉપર બતાવેલો સાર હૃદયમાં ધારણ કરી તેનું મનન કરવું અને તેમાં પણ પરમાત્માની ભક્તિમાં તત્પર થવું, શુભાશુભ ફળદાતા પોતાના કર્મનેજ માનવું અને પોતાના હૃદયની વાત સરલતાથી સાચેસાચી કહી દેવી. આ ત્રણ હકીકત પર પૂરતું લક્ષ આપવું. આટલી સૂચના કરી આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# लोक लक्ष्मी-संवाद.

એક વખતે લોકોએ લક્ષ્મીના સાક્ષાત્ દૂષણો જોઇ તેને કટાક્ષપૂર્વક કહ્યું– “ હે કમલે ! તું ખરેખર ક્ષણિક છે, સ્વભાવથીજ તારામાં ચપળતા વાસ કરી રહી છે, હે મૂઢ અને પાપાધમ ! તને ધિક્કાર છે ! સારા માણસનો સંગ કરવાને તો તું ઇચ્છતીજ નથી અને ખળ પુરૂષમાં બહુધા તું અનુરાગ કરે છે, તેથી તું દુશ્ચારિણીની ઉપમાને લાયક છે. જેઓ સત્યમાં, પવિત્રતામાં અને ધર્મમાં અનુરક્ત છે તેઓથી તું દૂર ભાગતી ફરે છે અને નીચ જનને પોતાના વલ્લભ કરી તેનો અનુરાગથી આશ્રય કરે છે. માટે હે પદ્મે ! તું વિવેક વિનાની અને નિર્દય છે. વળી તારી ચપળતા માટે તો પુરાણપુરૂષો એટલે સુધી કહે છે કે:– “ લક્ષ્મી ક્ષણમાત્રમાં દૃષ્ટનષ્ટ થઇ જાય છે, તેથી એમ લાગે છે કે વિધાતાએ તેને વિદ્યુલ્લતા, જળતરંગ અને ઇંદ્રધનુષ્ય જેવા ચપળ દ્રવ્યોવડેજ બનાવી છે.” અથવા તું જાતે સ્ત્રી હોવાથી તારામાં વધારે અક્કલ ક્યાંથી હોય ? કહ્યું છે કે:– “ પુરૂષ દિવ્યરૂપધારી અને વિચક્ષણ હોય છતાં લક્ષ્મી તેનો આશ્રય કરતી નથી, તેથી પુરૂષના ગુણ જાણવામાં તે પ્રતિક્ષણે વિમુખ થતી લાગે છે.” એટલા માટે ડાહ્યા માણસો “ લલનાની બુદ્ધિ પાનીએ ” એવી હીનોપમા લક્ષ્મીને પણ લાગુ પાડે છે. અથવા તો વધારે શું કહીએ ?

“ अशठमलोलमजिह्मं, त्यागिनमनुरागिणं विशेषज्ञम् ।
यदि नाश्रयति नरं श्रीः, श्रीरेव हि वंचिता तत्र ” ॥ १ ॥

“ સરલ, નિર્લોભી અને નિષ્કપટી, ત્યાગી, અનુરાગી અને ચાલાક–એવા માણસનો પણ જ્યારે લક્ષ્મી આશ્રય લેતી નથી, ત્યારે ખરેખર તેમાં લક્ષ્મીજ ઠગાય છે.”

એવામાં કેટલાક લોકો જરા હસીને બોલ્યા:–“ ભાઇઓ ! આ બાબતમાં લક્ષ્મીને ચપળ બનાવી તેને દોષ દેવો એ અમને તો ઉચિત લાગતું નથી. કારણકે, જડાત્મા (જલ) રૂપ સમુદ્ર પિતાએ એ નવયૌવનવતી બિચારીને પુરાણ ( વૃદ્ધ ) પુરૂષ (કૃષ્ણ) ને પરણાવી તેથી ‘ સાઠ વરસનો વર અને સોળ વરસની કન્યા ’ જેવો સંબંધ થયો છતાં પણ એ બિચારી લાજની મારી જેમ તેમ કરી તે સંબંધ નભાવ્યે જાય છે. કહ્યું છે કે:—

“ स्त्रैणभूषणमणेः कमलाया, यद्वदंति चपलेत्यपवादम् ।
दूषणं जलधेर्जनिकर्त्तुर्यत्पुराणपुरुषाय ददौ ताम् ” ॥ १ ॥

“ સ્ત્રીઓમાં મુગટ સમાન લક્ષ્મીને ચપળતાનો અપવાદ આપવો એ અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત છે. કારણકે આ બાબતમાં તેનો જડબુદ્ધિ પિતાજ દોષપાત્ર છે કે જેણે તેણીને પુરાણ પુરૂષને ( વૃદ્ધને યા કૃષ્ણને ) પરણાવી દીધી."

આ પ્રમાણે સ્થળે સ્થળે થતી પોતાની નિંદા સાંભળીને કમળાએ વિચાર કર્યો કે:-"અહો ! દુરારાધ્ય એવા આ લોકનેજ ધિક્કાર થાઓ ! ખરેખર ! પોતાના દોષ જોવામાં તો બહુધા બધા લોકો હાથીની જેમ પોતાની આંખો બંધ કરતાજ દેખાય છે. કહ્યું છે કે:-

" सर्वं स्वात्मनि गुणवान्, सर्वं परदोषदर्शने कुशलः ।
सर्वस्य चास्ति वाच्यं, न चात्मदोषान् वदति कश्चित् " ॥१॥

" સર્વ પોતાને ગુણવાન્ સમજે છે અને બધા પારકા દોષ જોવામાં કુશળ બને છે. ઓછા વત્તા દોષ તો સહુનામાં હોય છે, પરંતુ પોતાના દોષ પ્રગટ રીતે કોઇ પણ કહેતું નથી." તેથી ભલે લોકો મારા દોષ પ્રગટ કરીને બોલે, તથાપિ તેમની સાથે મારે કલહ કરવો ઉચિત નથી. કારણકે બાવળના વૃક્ષને પોતાના ભુજદંડથી બાથ ભીડવાને કોઈ સમર્થ થઇ શકે નહીં. માટે કાંઇ યુક્તિ પુરસ્સર વાક્ય બોલું, કે જેથી તેમના મનનું સમાધાન થઇ જાય." આ પ્રમાણે વિચાર કરીને લક્ષ્મી બધા લોક સમક્ષ આ પ્રમાણે બોલી કે:—

" भो लोका मम दूषणं कथमिदं संचारितं भूतले,
सोत्सेका क्षणिका च निर्घृणतरा लक्ष्मीरिति स्वैरिणी ।
नैवाहं चपला न चापि कुटिला नो वा गुणद्वेषिणी,
पुण्येनैव भवाम्यहं स्थिरतरा युक्तं हि तस्यार्जनम् " ॥१॥

" હે સજ્જનો ! હું ગર્વિષ્ઠ છું, ક્ષણિક છું, અતિ નિર્દય છું, અને સ્વૈરિણી એટલે સ્વેચ્છાચારિણી છું-આવા મારા દોષો વસુધાતળપર શા માટે પ્રસરાવો છો ? ( હું તેવા દૂષણવાળી નથી. ) કારણકે મારામાં ચપળતા, કુટિલતા અને ગુણદ્વેષિતા બીલકુલ નથી, પરંતુ હું માત્ર પુણ્યથીજ અતિ સ્થિર થઇ શકું તેમ છું, માટે હે રમાનિંદકો ! એક પુણ્યનેજ ઉપાર્જન કરો કે જેથી મારા ચપળતાદિ દૂષણો તમારા જોવામાં ન આવે અને સદા તમારી પાસે સ્થિર થઇને હું રહું."

॥ इति लोकलक्ष्म्योः संवादः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सपुत्रा सिंहण हाथणी–संवाद.

એક દિવસે જંગલમાં કોઇ સ્થળે પોતાના પુત્રની ઉપજતી ભારે કિંમત અને તેના કુંભસ્થળમાંથી નીકળતાં બહુમૂલ્ય મુક્તાફળ વિગેરેના ગુણોથી ગર્વિષ્ઠ થઇને કોઇ હાથણી સિંહણને કહેવા લાગી:–“ હે બ્હેન ! આપણે બંને એક વનમાંજ વાસ કરીએ છીએ, તથાપિ મારા પુત્રની કિંમત લાખ રૂપીઆ જેટલી થાય છે અને તારા પુત્રનું મૂલ્ય એક કોડી પણ કોઇ આપતું નથી.”

આ પ્રમાણેનાં હાથણીના મદ ભરેલાં વચનો સહન ન થઇ શકવાથી સિંહણ હસ્તિનીને કહેવા લાગી:–“ બ્હેન ! આટલા બધા અહંકારમાં તું શા માટે તણાઇ જાય છે ? તારા પુત્રને ગળે ગલહત્થો નાખીને એક નાનું સરખું બાળક પણ જ્યાં તેને લઇ જાય ત્યાં તે ગરીબડી બકરીની જેમ ચાલ્યો જાય છે; મારો પુત્ર તેમ વર્ત્તી શકતો નથી. તેથી બ્હેન ! વધારે તો શું કહું, પણ જો તારા પુત્ર જેટલો પરાભવ મારો પુત્ર સહન કરે, તો તે દશ લાખ કરતાં પણ અધિક મૂલ્યથી વેચાય.”

આ પ્રમાણે સિંહણનું વચન સાંભળીને હાથણી ક્ષણભર વિચારમાં પડી ગઇ, પછી ખેદ સહિત પોતાના પુત્રને કહેવા લાગી:–“ હે પુત્ર ! તારો આકાર પણ પર્વત જેવો બેડોળ છે, વેગમાં પણ તારી ગતિ અતિ મંદ છે, લીલાથી ગમન કરતો હોવાથી તારી આંખો પણ અર્ધનિમીલિત લાગે છે, તારી ગર્જનામાં તો કાંઈ દમજ દેખાતો નથી. અને તારો કર ( સૂંઢ ) માત્ર પારકા કિલ્લા તોડવામાંજ રસિક છે. હે બેટા ! એક તો તું આવા પ્રકારની હીનોપમાને પ્રાપ્ત થયેલ છે, વળી એક નાનો સરખો બાળક પણ તારી ઉપર બેસી પોતાની આજ્ઞા પ્રમાણે તને ચલાવી શકે છે તેથી મને બહુ ખેદ થાય છે.”

આ પ્રમાણેનું પોતાની હીનતા સૂચક માતાનું બોલવું શ્રવણ કરી ગજ તેને કહેવા લાગ્યો:—“ હે પુત્રવત્સલા માતા ! પરાધીનતા અને નરકાવાસમાં જો કે તફાવત નથી, છતાં પણ સુંદર છત્ર, ચારૂ ચામર વિગેરેના આડંબરની મનોહર સાહ્યબી જો પ્રાપ્ત થતી હોય, તો તે શું સ્વર્ગાવાસ કરતાં અધિક પ્રમોદકર નથી ? એક લવમાત્ર દોષની આશંકાથી મહાપુરૂષો બહુ લાભદાયક કાર્યનો ત્યાગ કરતા નથી. વળી લોકમાં પણ એવું સાક્ષાત્ દેખાય છે કે–‘ યૂકા ( જૂ ) ની ધાસ્તીથી કોઈ વસ્ત્રનો અનાદર કરતું નથી.’ ( કાઢીનાખતું નથી. ) તેમજ એક ઠેકાણે કહ્યું છે કે:–

“अल्पदोषं बहुगुणं, कार्यं कार्यं मनीषिभिः ।
हंसानिष्ठापि त्रिह्ये, वृत्तिः स्वाजीविका नरैः” ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ડાહ્યા માણસો અલ્પ દોષ ઉપલબ્ધ હોય છતાં જો તેમાં બહુ લાભ (ગુણ) સમાયેલા હોય તો તેવા કાર્યને કરે છે. કારણકે વૃષ્ટિ (વરસાદ) હંસોને અભિષ્ટ નથી, છતાં પણ જગતનું જીવન તેમાં રહેલું હોવાથી મેઘ વરસ્યાવિના રહેતો નથી."

આવા પ્રકારના ભાષણનું રહસ્ય બરાબર સમજીને સિંહ મનમાં કાંઇક ગર્વ લાવીને પોતાની માતાને કહેવા લાગ્યો:—"હે પ્રેમાળ માતા ! સાહ્યબી હોય કે ન હોય, પરંતુ ધીર જનો મરણ આવતાં સુધી પણ પરાધીનતાનો સ્વીકાર કરતા નથી. કહ્યું છે કે:—

"शिरसा धार्यमाणोपि, सोमः सौम्येन शंभुना ।
तथापि कृशतां याति, कष्टं खलु पराश्रयः" ॥ १ ॥

"સાક્ષાત્ શંભુ (મહાદેવ) પોતાના મસ્તક પર ચંદ્રમાને ધારણ કરે છે, છતાં પરાશ્રયપણું હોવાથી તે કૃશ થતો જાય છે. માટે પરાધીનતા એજ મોટામાં મોટું કષ્ટ છે."

વળી અન્યત્ર કહ્યું છે કે:—

"अकृत्वा जनसंताप-मकृत्वा नीचनम्रताम् ।
अनुत्सृज्य सतां मार्गं, यदल्पमपि तद्बहु" ॥ १ ॥

"પરને સંતાપ પમાડયા વિના અને નીચની નમ્રતા (ખુશામત) કર્યા વિના તથા સજ્જનોના સુમાર્ગને ઉલંઘ્યા વિના જે અલ્પ પ્રાપ્ત થાય તે પણ બહુજ છે. અર્થાત્ તેવા સ્વલ્પમાં પણ બહુ લાભ સમાયેલો છે." હે જનની ! આમ હોવા છતાં માતંગની સાહ્યબી જોઇ મારા માટે તારા મનમાં શોક કે ખેદ થતો હોય તો તે ત્યજી દે. કારણ કે, પરાક્રમ એજ માનનીય છે, આડંબરને ડાહ્યા માણસો પસંદ કરતા નથી. એ સંબંધમાં એક વાત કહું તે સાંભળ:-

"सिंदूरं करिणः शिरस्युभयतः सौवर्णघंटारव-
श्छत्रं मूर्धनि चामराणि पटहोद्घोषः पुरस्ताद् भटाः ।
राज्ञां धामनि मान्यता युधि जयः संपूर्णमास्तामिदं,
मद्दृष्टौ पदमप्ययं यदि पुनर्दत्ते तदा स्याद् बलम्" ॥ १ ॥

"હે માતા ! માતંગ પોતાની સૂંઢપરના સિંદૂરને લીધે ભલે શોભે, બંને બાજુપર સુવર્ણની ઘંટા વાગતી હોય તેથી ભલે તે કદાચ મગરૂર થાય, માથે છત્ર અને ચામરની શોભાથી તે ભલે અહંકાર કરે, આગળ પટહ વાગતો હોય તથા સુભટોની શ્રેણી ચાલતી હોય તેથી તે પોતાને ભલે ધન્ય ગણે, રાજાઓના ધામમાં પોતાને નિવાસ મળવાથી તે મનમાં ભલે છલકાઇ જાય અને સંગ્રામમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે પામતાં તેની મતિ ભલે ઠેકાણે ન રહે—આ બધું તેને મુબારક હો, પરંતુ મારી દૃષ્ટિ આગળ જો તે એક પગલું પણ ભરે, તો તેનામાં કાંઇ પણ બળ કે તેજ છે એમ માની શકાય."

આ પ્રમાણેના પોતાના પુત્રના શૌર્યથી સિંહણ એકદમ ખુશ ખુશ થઈ ગઈ અને હર્ષાવેશમાંજ તે પોતાના પરાક્રમી પુત્રને કહેવા લાગી:—" હે વત્સ ! યાચકોના સમુદાયમાં તેં ભલે ધનની વૃષ્ટિ નથી કરી, તેમ કવિઓના કુટુંબી તરીકેનો ભલે તું સંબંધ ધરાવતો નથી, અથવા તો ગવૈયા કે ભાટ ચારણોની એક એક કવિતાપર આફ્રીન થઈ ભલે તેના બદલામાં તેં સુવર્ણના ઢગલા નથી આપ્યા, છતાં પણ હે વીરપુત્ર ! તેં માત્ર એક પોતાના શૌર્યથી જગત્માં અસાધારણ નામના મેળવી છે, એ પ્રકારના તારા અતુલ તેજથી મને સંપૂર્ણ સંતોષ છે, તારા જેવા પુત્રથીજ પ્રસૂતા પ્રજાવતી ગણાય છે."

॥ इति सनंदनयोः सिंहीहस्तिन्योः संवादः ॥

## अत्यंत खेदकारक समाचार.

## बे धर्मी पुरुषोनो अभाव.

### ( ભાઇ મગનલાલ બહેચરદાસ તથા ભાઇ વલ્લભજી હીરજી )

ઉપર જણાવેલા બે ધર્મબંધુઓ પૈકી મગનલાલ ભાવનગર નિવાસી પણ હાલ મુંબઇમાં રહેતા હતા, તેઓ પોસ શુદિ ૨ જે મુંબઇમાં અને બીજા વલ્લભજી ભાઈ પોરબંદર નિવાસી કલકત્તે રહેતા હતા તેઓ પોસ શુદિ ૧૪ શે પોરબંદરમાં પંચત્વ પામ્યા છે. પ્રથમનું વય પચાસ લગભગનું અને બીજાનું વય પચાસ ઉપરાંત હતું. બંને પૂરા ધર્મિષ્ટ અને વિશુદ્ધ માર્ગના અભિલાષી હતા. શ્રદ્ધાગુણમાં શ્રેષ્ટ હતા. સૂક્ષ્મ બોધવાન હતા. કર્મગ્રંથનો—દ્રવ્યાનુયોગનો બંનેને સારો બોધ હતો. ચારિત્ર બંનેનું નિર્મળ હતું—પૂરા સદાચારી હતા. સિદ્ધાચળ તીર્થના, નવપદજીના અને દેવપૂજાના બંને પરમ રાગી હતા. બારવ્રતધારી હતા. સામાયિક, પૌષધ અને તપસ્યાદિ ધર્મકરણીમાં તત્પર હતા. અનેક ઉત્તમ જીવોને પોતાની સાથે જોડનારા હતા. પ્રથમે મુંબઇમાં અને બીજાએ કલકત્તામાં ધર્મકાર્યના અગ્રણી તરીકે નામના કરી હતી. ઉપદેશકપણામાં બંને શ્રેષ્ટ પંક્તિમાં ગણવા યોગ્ય હતા. મુંબઇ અને કલકત્તામાં એ બંનેના અનુયાયી અનેક શ્રાવક ભાઇઓ થયેલા છે. તેમના પંચત્વ પામવાથી ન પૂરી શકાય તેવી ખામી પડી છે. આધુનિક સમયમાં એવા દૃઢ શ્રદ્ધાવાળા, સૂક્ષ્મ બોધવાળા અને સદાચારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમજ શુદ્ધ ક્રિયામાર્ગના પોષક પુરૂષોની અત્યંત ખામી છે. અમદાવાદ ખાતે ગુજરી ગયેલા ડાક્ટર કલ્યાણદાસ પણ એજ પંક્તિના હતા, તેમનું પણ અત્યારે સ્મરણ થાય છે. ઉત્તમે ઉત્તમ જનોને સંગતિ થાય છે, એ દૃષ્ટાંતાનુસાર વલ્લભજી ભાઇને અને મગનલાલને પરસ્પર બહુ પ્રેમ હતો. મગનલાલના પિતા સાથે પણ તેમને બહુ પ્રેમ હોવા સાથે પૂજ્યભાવ હતો. મગનલાલના વિરહે મુંબઇમાં અને વલ્લભજીભાઇના વિરહે કલકત્તામાં અનેક ભવ્ય જીવોને આલંબન તુટી ગયું છે. વ્યવસાયથી ભરચક એવી એ બંને નગરીમાં '**ક્ષાર સમુદ્રમાં મીઠી વીરડી**' જેવા એ બંને પુરૂષો હતા. તેમના વિરહથી અમને પણ અત્યંત ખેદ થયો છે, તે શબ્દદ્વારા જણાવી શકતા નથી. મગનલાલ સંતતી વિના ગુજરી ગયા છે, તેમની સ્થિતિ બહુ સાધારણ હતી. વલ્લભજીભાઇને એક પુત્ર ને એક પુત્રી છે. તેમની સ્થિતિ શ્રીમંતમાં ગણવા જેવી છે. તેમણે પૂર્વ દેશના તીર્થો પૈકી ક્ષત્રીકુંડમાં શાસનપતિનું ચૈત્ય ડુંગર ઉપર કરાવવામાં અત્યંત પ્રયાસ કર્યો છે. તેમજ કાકંદીમાં, ગુણાવાજી (ગુણશીલ ચૈત્ય) માં અને કેશરીઆજીમાં પણ અત્યંત પ્રયાસ કરવા સાથે પુષ્કળ દ્રવ્યનો વ્યય કર્યો કરાવ્યો છે. તેઓ અમારી સભાના લાઇફ મેમ્બર હતા. તેમના લઘુ બંધુ **વસનજીભાઇ** પણ સરલ ચિત્તવાળા અને ધર્મિષ્ટ છે. અમે એ બંનેના પાછળના કુટુંબી વર્ગને અંતઃકરણથી દીલાસો આપીએ છીએ. એવા ઉત્તમ જનોની ખામી એમનેજ પડી નથી પણ અનેકને પડી છે, એટલુંજ નહીં પણ જૈનકોમમાં એવા બોધવાન્ જીવોની સંખ્યા અતિ અલ્પ છે. પરંતુ દૈવપાસે મનુષ્ય નિરૂપાય છે, તેથી શાંતિ ધારણ કર્યા શિવાય બીજો ઉપાયજ નથી. બંનેનો અંતસમય સારી રીતે સુધર્યો છે. વલ્લભજીભાઇએ સર્વ પ્રકારના વ્રત નિયમો-પચ્ચખાણ કરવા ઉપરાંત પ્રાંતે ચાર આહારનો પણ ત્યાગ કરીને દેહ છોડયો છે. મગનલાલની પાછળ તેમના અનુયાયીઓએ સારી રકમ એકત્ર કરી અઠ્ઠાઇ મહોત્સવ કર્યો છે અને કાયમ એમની મૃત્યુતિથિએ ધર્મકૃત્ય થાય તેવી ગોઠવણ કરી છે. કલકત્તાના ભાઇઓએ પણ તેનું અનુકરણ કરવા યોગ્ય છે. અમે એ બંનેના આત્માની સદ્ગતિ તેમજ શાંતિ ઇચ્છીએ છીએ.

---

## શ્રી સમેતશિખરજીની યાત્રાની સગવડ.

ઇસરી સ્ટેશનથી થયેલી મોટરની સગવડ વિષે ગત અંકમાં જાહેર કરેલ છે. વિશેષમાં જણાવવાનું કે, કેટલાક માણસો ફાગણ માસ પછી શિખરજીમાં પાણી બગડી જાય છે, બીમારીવાળું થઇ જાય છે. ઇત્યાદિ કહીને યાત્રા કરનારનું દિલ ત્યાં જતાં ભગ્ન કરી નાખે છે. પરંતુ એવી બીલકુલ અડચણ ત્યાં નથી. હવાને માટે ત્યાંના હવા પાણી સારાં છે ને રહે છે. ત્યાંના નોકર ચાકરો તદ્દન નિર્ભય છે. વળી ઉપર ને નીચે મધુવનમાં યાત્રાળુને માટે તમામ પ્રકારની સગવડ રહે છે, તેથી ચોમાસામાં વર્ષાના દિવસો શિવાય એ તીર્થની યાત્રાનો લાભ લેવો. તેમાં કોઇ પ્રકારની શંકા કરવી નહીં. આ હકીકત જાતિ અનુભવથી લખી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈનધર્મ પ્રસારક સભાના નવા સભ્યો.

### પેટ્રન.

[illegible] મનાભાઈ લાલુભાઈ. — અમદાવાદ

[illegible] મનસુખભાઈ. — ,,

### લાઈફ મેમ્બર.

[illegible] ચંદ કરમચંદ. — ભાવનગર.
[illegible] હરીલાલ જુઠાભાઈ. — ધ્રાંગધરા.
[illegible] લાલ વેલશી. — ઉગામેડી.
[illegible] મોતીલાલ લાલચંદ. — લીંબડી.
[illegible] ઉમેદચંદ નાનચંદ. — ,,
શા. જીવરાજ રતનજી. — ભાવનગર.

### પહેલા વર્ગના વાર્ષિક મેમ્બર.

વકીલ ચુનીલાલ છગનલાલ. — ચુડા
માસ્તર રવચંદ માવજી. — જામનગર.
શા. પોપટલાલ ત્રિભુવનદાસ. — કરાંચી.
ગાંધી ગીરધરલાલ ગોવીંદજી. — શીહોર.
શા. લલ્લુભાઈ મનજી. — ,,
શા. લાલચંદ રાઈચંદ. મુ. મોરવાડ. — હાલ સાંતલપુર.

### મેમ્બરોને અમૂલ્ય લાભ.

આ સભાના સર્વે મેમ્બરોને 'શ્રીપાળરાસ અર્થ રહસ્ય યુક્ત' શ્રી [illegible] નિવાસી શેઠ નેમચંદભાઈ પીતાંબરદાસની આર્થીક સહાયથી બહાર પડેલ છે, તેની એકેક નકલ આપવાનું તેમના સદ્વિચારને લઈને મુકરર કરવામાં આવ્યું છે. આ બુક વાંચતાં અત્યંત આલ્હાદ આપે તેવી છે. પાકા બાઈંડીંગથી બંધાવેલી છે. જે સભાસદોએ ચાલુ વર્ષની ફી મોકલેલી હોય તેમણે પોસ્ટેજના અર્ધી આનો મોકલીને મંગાવી લેવી. બીજા મેમ્બરોને ફીની રકમ સાથે વેલ્યુ-પેબલથી મોકલવામાં આવશે.

આ સિવાય મેમ્બરોને બીજી એક બુક યુગાદિદેશના ભાષાંતરની પણ આપવાની છે. તે છપાય છે. તૈયાર થયેથી બંને બુક ભેળી મોકલવામાં આવશે. મેમ્બરોએ વેલ્યુ૦ પાછું ન ફેરવવાનું ધ્યાનમાં રાખવું.

For Private And Personal Use Only